આજનો સુવિચાર

આળસુ માણસ હંમેશા દેવાદાર બને છે અને બીજાને માટે ભારરૂપ પણ બને છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૬૭ જૂનાગઢ તા.૨૮-૧૦-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 267, Junagadh : Date : 28 October, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## તહેવારોમાંજ મોંઘવારીનો અજગર ભરડો : સરકાર સફાળી જાગી - ઘઉં, ડુંગળીની સપ્લાય વધારશે



નવી દિલ્હી તા.૨૮

તહેવારોમાં ઘઉં, ડૂંગળી સહીતની ખાદ્યચીજોના ઉંચા ભાવ સામે કેન્દ્ર સરકાર એકશનમાં આવી છે. ભાવ નીચા લાવવાના ઉદેશ સાથે નિયમોમાં છુટછાટ આપવામાં આવી છે. ઘઉંમાં અસામાન્ય તેજી હોવાના શ્રેણીબદ્ધ પગલા છતાં ભાવ પ્રમાણમાં ઉંચા જ રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકારે ખુલ્લા બજારમાં મુકાતા ઘઉંની ખરીદીના નિયમો હળવા કર્યા છે. ઈ-એકશનમાં મીલો-જથ્થાબંધ વેપારીઓ ૧૦૦ ટન સુધીની જ ખરીદી કરી શકતા હતા

જે મર્યાદા વધારીને ૨૦૦ ટન કરવામાં આવી છે. આ પગલાથી સપ્લાય વધવા સાથે ભાવ વધારો રોકવાનો સરકારનો ઉદેશ છે આ સિવાય હવે દરેક ઈ-ઓકશનમાં બે લાખને બદલે ત્રણ લાખ ટન ઘઉનુ વેચાણ કરવામાં આવશે. ઘઉંના ભાવોને કાબુમાં રાખવા ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા ગત ૨૮ મી જુનથી દર અઠવાડીયે બફર સ્ટોકમાંથી ઘઉ વેચી રહી છે. હવે દર સપ્તાહે બેને બદલે ત્રણ લાખ ટનનું વેચાણ કરવામાં આવશે. સપ્લાય વધારવાની સાથોસાથ સંભવીત સંઘરાખોરી રોકવા પણ કદમ ઉઠાવવામા આવ્યા છે. સ્ટોક માટે જરૂરી સુવિધા કે પ્રક્રિયામાં સામેલ નહિં થતા વેપારીઓને હરરાજીમાં સામેલ થવા દેવામાં નહી આવે ફૂડ કોર્પોરેશન દ્વારા અત્યાર સુધીમાં ૨૭.૫૦ લાખ ટન ઘઉંનું વેચાણ કરવામાં આવ્યુ હોવાનું ઉલ્લેખનીય છે. વર્ષના અંત સુધીમાં ૫૦ લાખ ટન ઘઉ વેચવાનો લક્ષ્યાંક છે. એફસીઆઈ પાસે ૨૨૪ લાખ ટન ઘઉંનો બફર સ્ટોક હતો. બીજી તરફ હવે ડુંગળીનાં ભાવોમાં પણ ઝડપી ઉછાળાને ધ્યાને રાખીને પણ કેન્દ્ર સરકારે ટમેટા ફોર્મ્યુલા લાગુ પાડવાનો નિર્ણય લીધો છે. સામાન્ય લોકોને સસ્તા ભાવે ડુંગળી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ડુંગળીના ભાવમાં ટુંકા ગાળામાં જ મોટો વધારો થયો છે અને બે થી ત્રણ ગણા થઈ ગયા છે. સરકારી રેકોર્ડ પ્રમાણે પ્રતિ કિલો કિંમત રૂા.૪૭ થઈ ગઈ છે આ સંજોગોને ધ્યાને રાખીને કેન્દ્ર સરકારે બફર સ્ટોકમાંથી રાહતભાવે ડૂંગળીનું વેચાણ કરવાનો નિર્ણય લીધો છે અને રૂા.૨૫ ના ભાવે વેચાણ શરૂ કરાયુ છે. ગ્રાહક બાબતોનાં મંત્રાલયનાં સચીવ રોહીતસિંહે કહ્યું કે ઓગસ્ટ માસથી જ બફર સ્ટોકમાંથી ડુંગળીનું વેચાણ શરૂ કરી દેવામાં આવ્યું છે. મોટો ભાવ વધારો ધરાવતાં રાજયોમાં બફર સ્ટોકમાંથી ડૂંગળી મોકલવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૨૦ રાજયોમાં ૧.૭ લાખ ટન ડૂંગળી મોકલવામાં આવી છે.ખરીદ વાવેતરમાં વિલંબને કારણે નવો પાક મોડો થાય તેમ હોવાથી ડુંગળીના ભાવ વધ્યા છે.



## મુકેશ અંબાણીને હત્યાની ધમકી : રૂા. ૨૦ કરોડની ખંડણી પણ મંગાઈ

નવી દિલ્હી તા. ૨૮

દેશના ટોચના ઉદ્યોગપતિ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન તથા મેનેજીંગ ડિરેકટર મુકેશ અંબાણીને રૂા.૨૦ કરોડની ખંડણી આપવા અથવા તેમની હત્યા કરાશે તેવી ધમકી ભર્યા ઈ-મેલ મળતા જ સુરક્ષા એજન્સીઓ એલર્ટ બની ગઈ હતી. અગાઉ અંબાણીના નિવાસ નજીક વિસ્ફોટક ભરેલી કારનો જે ડ્રામા થયો હતો

તેમાં મુંબઈના પોલીસ અધિકારીની સંડોવણી તથા તેનો એક રહસ્યમય હત્યાનો કેસ ચાલી રહ્યો છે. કેન્દ્ર સરકારે અંબાણી ફેમીલીને ઝેડપ્લસ સુરક્ષા આપી છે અને આ ટોચના ઉદ્યોગપતિએ ખુદની તથા પરિવારની સુરક્ષા માટે પણ ખાસ ચિંતા કરી છે તે વચ્ચે તા.૨૭ ઓકટો.ના એક ધમકીભર્યા ઈ-મેઈલમાં રૂા.૨૦ કરોડની માંગણી કરવામાં આવી હતી. જો કે મેલ- કોના આઈડી પરથી કોને મોકલાયો તે અંગે પણ પોલીસે હજું મૌન ધારણ કર્યુ છે. હવે રૂા.૨૦ કરોડ ચૂકવવામાં ન આવે તો ઉદ્યોગપતિને ગોળીએ ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.

આ અંગે મુંબઈના ગામદેવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધીને સાયબર નિષ્ણાંતોમાં મેલ કયાંથી આવ્યો તે અંગે તપાસ શરુ કરી છે તથા ટુંક સમયમાં જ આ અંગે કોઈ ધરપકડ થવાની શકયતા છે. અંબાણી ફેમીલીના નિવાસ એન્ટાલીયાની આસપાસ પણ સુરક્ષા વધારવામાં આવી છે અને અંબાણી ફેમીલીના સભ્યોની પણ સુરક્ષા વધારાઈ છે.

## ગતરાત્રે ગાઝા પર ઈઝરાયલનાં ભયાનક હવાઈ હુમલામાં ૧૦૦થી વધુ મોત
## ઈઝરાયલ એરફોર્સે પ્રતિબંધિત ફોસ્ફરસ બોંબનો ઉપયોગ કર્યો

ગાઝા તા. ૨૮

ગતરાત્રે ગાઝા પર ઈઝરાયલનાં હવાઈ હુમલામાં ૧૦૦થી વધુનાં મોત થયા છે. સમગ્ર ગાઝા પટ્ટી વિસ્તાર કાટમાળમાં ફેરવાઈ ગયો છે. મૃતકોમાં સ્ત્રીઓ અને બાળકોનો સમાવેશ થાય છે. ઈઝરાયલ એરફોર્સે ગતરાત્રે ૧૫૦થી વધુ ઠેકાણા ઉપર હુમલા કર્યા હતા. છેલ્લા ૨૨ દિવસથી ચાલી રહેલા યુધ્ધમાં ૮૦૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. ગાઝા પટ્ટીનાં રહેણાંક વિસ્તારમાં ઈઝરાયલ દ્વારા સતત બોંબ મારો થઈ રહયો છે.

ઈઝરાયલ દ્વારા ગાઝા પર જમીન આક્રમણ શરૂ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આગામી દિવસોમાં યુધ્ધ વધુ ભયાનક બનશે તેવા સંકેતો મળી રહયા છે.

## ગાઝામાં યુધ્ધ વિરામનો પ્રસ્તાવ યુનોમાં પસાર : ભારતે મતદાન કર્યુ નહી

### ૧૨૦ દેશોએ પ્રસ્તાવનું સમર્થન કર્યુ : ૧૪ દેશોએ વિરોધમાં મત આપ્યો : ૪૦ દેશોએ મતદાનમાં ભાગ લીધો નહી




ન્યુયોર્ક તા. ૨૮

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ફરી એક વખત ગાઝામાં યુદ્ધ વિરામના પ્રસ્તાવને રજુ કરાયો હતો. ભારતે આ પ્રસ્તાવને ટેકો આપવા ઈન્કાર કર્યો હતો. અગાઉ સલામતી સમીતીમાં પ્રથમ વિરામ અંગેના પ્રસ્તાવને અમેરિકાએ વીટો કરી દીધો હતો તો આજે રાષ્ટ્રપતિની મહાસભામાં જોર્ડન દ્વારા યુદ્ધ વિરામ અંગે કરાયેલો પ્રસ્તાવ ભારે બહુમતીથી મંજુર થયો.

જેમાં ઈઝરાયેલ આ યુદ્ધને માનવીય સહાયતા માટે તુર્તમાંજ યુદ્ધ વિરામ માટે અનુરોધ કરવામાં આવ્યું હતું. ભારતે આ પ્રસ્તાવની ભાષા સામે વિરોધ દર્શાવ્યો હતો. કારણ કે તમો હમાસ શબ્દનો કોઈ ઉલ્લેખ જ ન હતો.

ફકત એટલું જ જણાવ્યું કે, ગાઝાપટ્ટીમાં માનવીય સહાય વિના વિઘ્ને પહોંચાડવી જોઈએ. જો કે તે માટે યુદ્ધ વિરામ થવું જોઈએ. આ પ્રસ્તાવને પાકિસ્તાન-બાંગ્લાદેશ-માલદીવ રશિયા- દક્ષિણ આફ્રિકા સહિત ૪૦ દેશોનો ટેકો હતો ત્યારે ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, જર્મની, જાપાન, યુક્રેન અને બ્રિટને પ્રસ્તાવના મતદાનમાં ભાગ લીધો ન હતો. છતાં પણ રાષ્ટ્રસંઘના ૧૯૯ દેશોની આ બેઠકમાં ૧૨૦ દેશોએ પ્રસ્તાવને સમર્થન આપ્યું.

૧૪ દેશોએ વિરોધ કર્યો અને ભારત સહિત ૪૦ દેશોએ મતદાનમાં ભાગ લીધો ન હતો. ભારતે પ્રસ્તાવમાં હમાસના ઈઝરાયેલ પર આતંકી હુમલા અને બંધક બનાવવાની ઘટનાને સ્પષ્ટરૂપે નકારી કાઢવા તથા તેની ટીકા કરવાના વિધાનો શામેલ તથા બંધકોને કોઈ શર્ત વગર તાત્કાલિક મુક્ત કરવામાં આવે તેવી માંગ પણ ઉમેરવા જણાવ્યું હતું.

ભારત સહિત ૮૭ દેશોએ આ સુધારાની તરફેણમાં મતદાન કર્યુ. ૫૫ એ તેની વિરોધમાં મતદાન કર્યુ અને ૨૩ ગેરહાજર હતા. જો કે આ પ્રસ્તાવ પસાર થયો એ ફકત ઔપચારીકતા જ છે. રાષ્ટ્રસંઘની સલામતી સમીતીએ અગાઉ જ આ પ્રકારનો પ્રસ્તાવ નકારાયો હતો.

## ગુજરાતમાં મિશ્ર ૠતુનો અનુભવ : આગામી સપ્તાહથી ઠંડીનું જોર વધશે

અમદાવાદ તા. ૨૮

ગુજરાતમાં ધીમા પગલે ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. દિવસે ગરમી અને રાતે ઠંડી અનુભવાઈ રહી છે. રાજ્યમાં બેવડી ૠતુની અસર અનુભવાઈ રહી છે. ત્યારે રાજયના હવામાન વિભાગે અનુમાન કર્યુ કે, રાત્રે લઘુતમ તાપમાન ૨૦ થી ૨૨ ડિગ્રી આસપાસ રહેશે. ગત રોજ અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું છે. આવતા સપ્તાહથી ઠંડીનું જોર વધશે. જોકે ખરી ઠંડી તો ડિસેમ્બર મહિનામાં પડશે. ઉત્તર ભારતીય પ્રદેશમાં હિમ વર્ષા બાદ ગુજરાતમાં ખરી ઠંડીનો અહેસાસ થવા લાગશે. હવામાન વિભાગના ડાયરેકટર ડો.મનોરમા મોહંતીએ જણાવ્યું કે, હાલ ગુજરાતમાં બેવડી ૠતુ અનુભવાઈ રહી છે. આ ટ્રન્ઝીટ પીરિયડ છે. આ ટ્રાન્ઝિસ્ટ મહિનો હોવાથી હાલ બેવડી ૠતુનો અનુભવ થઈ રહ્યો છે. પરંતું જલ્દી જ વાતાવરણમાં ઠંડીનો અહેસાસ થવા લાગશે. ગુજરાતમાં હજુ ૧૫ દિવસ મિશ્ર ૠતુ જોવા મળશે. પરંતુ શિયાળો હવે મોડો આવશે. શિયાળાના આગમનને હજી પંદર દિવસ રાહ જોવી પડશે.

આવામાં હવામાન વિભાગના એક્સપર્ટસ ખેડૂતોને સલાહ આપી રહ્યાં છે કે, સામાન્ય રીતે કેટલાક વિસ્તારોમાં શિયાળુ પાકનું વહેલુ વાવેતર કરવામાં આવતુ હોય છે. જે ન કરવું જોઈ. યોગ્ય ૠતુ બેસે તે બાદ જ વાવેતર કરવુ યોગ્ય રહેશે. જેથી પાકનો ઉગાવો સારો આવે. આવુ કરવાથી પાકને નુકસાન પણ થતુ નથી. જયારે અંબાલાલ પટેલે જણાવ્યું કે, આ વર્ષે નવેમ્બર અને ડિસેમ્બરની શરૂઆતમાં શિયાળો હુંફાળો રહેશે. આ વર્ષે શિયાળો અલ નિનોના કારણે થોડો મોડો શરૂ થશે. ૨૨ ડિસેમ્બર પછી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમ વર્ષા થશે. જેના કારણે ગુજરાતમાં ઠંડી શરુ થશે. પરંતુ આ વર્ષે જાન્યુઆરી મહિનો ઠંડો રહેશે. ૫ મી ફેબ્રુઆરીથી દેશના ઉત્તરીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થતા કાતિલ ઠંડીને વેગ મળશે. આ દિવસોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહેવાની શક્યતા છે. તો ઉત્તર ગુજરાતનાં ભાગોમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી રહેવાની શક્યતા છે. ગુજરાતની વાત કરીએ તો આ વર્ષે નલિયાનું તાપમાન ૭ ડિગ્રી સુધી રહેવાની શક્યતા છે. ફેબ્રુઆરીના અંત સુધી અને માર્ચના શરૂઆતમાં ગુલાબી ઠંડી રહેશે. એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવતા દેશના ઉત્તરીય પ્રદેશોમાં હવામાન કથળી જવાથી દિવાળી પહેલા સવારે ઠંડીનો અનુભવ થશે પણ તે શિયાળાની ઠંડી ગણી શકાય નહી. ૨૬ ઓક્ટોબરથી હવામાનમાં ફેરફાર થતા સવારે ઠંડક રહેશે. આ દિવસોમાં રોગિસ્ટ ૠતુનો પ્રભાવ ઘટશે અને સમૃદ્રમાં વરસાદ વધુ થશે. આજે શરદ પૂનમે ચંદ્રગ્રહણ છે, જો પૂનમે ચંદ્ર શ્યામ વાદળોમાં ઢંકાયેલો રહેતો વાવાઝોડું રહેવાની શક્યતા રહે છે.

## મુખ્યમંત્રીનાં વિરોધને પગલે વડાપ્રધાન મોદીનો મીઝોરમ પ્રવાસ રદ



આઈઝોલ (મિઝોરમ) તા.૨૮ : વડાપ્રધાન મોદી ૩૦ ઓકટોબરે મિઝોરમ જવાના હતા, જયાં તેમણે મિઝોરમ-ત્રિપુરા-બાંગ્લાદેશ સીમા પર તામિત વિધાનસભા ક્ષેત્રનો પ્રવાસ કરવાનો હતો અને ત્યાં ચુંટણી પ્રચાર માટે રેલી પણ કરવાના હતા પરંતુ મોદીએ અચાનક પોતાની મિઝોરમ યાત્રા રદ કરી નાખી છે અને તેમની જગ્યાએ હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ મિઝોરમ જશે, અલબત, હજુ અમીત શાહની મિઝોરમ યાત્રાની તારીખ નકકી થઈ નથી.

ઉલ્લેખનીય છે કે મિઝોરમમાં ભાજપ સમર્થિત સરકાર છે અને મુખ્યમંત્રી જોરમ થાંગા મિઝો નેશનલ ફ્રન્ટ (એમએનએફ)ના નેતા છે. એમએનએફ એનડીએનું એક ઘટક છે પરંતુ આ સપ્તાહની શરૂઆતમાં મિઝોરમમાં વિવાદ ઉભો થયો હતો. મુખ્યમંત્રીએ જાહેર કર્યું હતું કે જો વડાપ્રધાન રાજયના પ્રવાસે આવશે તો હું તેમની સાથે મંચ પર હાજર નહીં રહું. જોરમથાંગાએ પડોશી રાજય મણીપુરમાં ચર્ચ પર કથિત હુમલા માટે બહુમતી મૈતેઈ સમુદાયને દોષી ઠેરવ્યા હતા.

જોરમથાંગાએ કહ્યું હતુ કે આ ભાજપના નજીક હોવાનો સમય નથી. જોરમથાંગાએ જણાવ્યું હતું કે મિઝોરમના લોકો ઈસાઈ હોવાના નાતે એમએનએફ પર તેની નકારાત્મક અસર પડશે, જો તે મણીપુરમાં થયેલી ઘટનાને ધ્યાનમાં લઈ ભાજપની સાથે મળીને કામ કરશે.

## બેંક કર્મચારીઓને બખ્ખા : સપ્તાહમાં માત્ર પાંચ દિવસ કામ અને પગારમાં ૨૫ ટકાનો વધારો મળશે

મુંબઈ તા. ૨૮

ભારતીય બેંક એસોસિએશનએ સરકારી અને કેટલાક જૂના ખાનગી પેઢીના બેંક કર્મચારીઓ માટે ૧૫ ટકા પગાર વધારાની દરખાસ્ત કરી છે. ટૂંક સમયમાં અઠવાડિયામાં પાંચ દિવસ કામ શરૂ કરવાની પણ યોજના છે. ગુરુવારે, કર્મચારીઓના પગારમાં વધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી, પરંતુ ઘણા યુનિયનો અન્ય ફેરફારો સાથે પગારમાં વધુ વધારાની માંગ કરી રહ્યા છે.

બીજી તરફ, PNB જેવી બેંકોએ પગાર વધારા માટે વધુ જોગવાઈઓ કરવાનું શરૂ કર્યું છે. આ બેંકો પગારમાં ૧૦ ટકાનો વધારો કરવા માટે અલગ બજેટ બનાવી રહી છે. ઉપરાંત, ૧૫ ટકા પગાર વૃદ્ધિ માટે એક રકમ અલગ રાખવામાં આવી છે. મતલબ કે જો આ બંને પ્રસ્તાવોને મંજૂરી મળી જાય તો આ બેંકોના કર્મચારીઓના પગારમાં ૨૫ ટકાનો વધારો થઈ શકે છે.

અહીં, યુનિયનો અને કર્મચારીઓનું કહેવું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪ ના સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન બેંકોએ સારો નફો મેળવ્યો છે અને કોવિડ દરમિયાન, કર્મચારીઓએ ધિરાણકર્તાઓને પાટા પર પાછા લાવવા ઉપરાંત સરકારી યોજનાઓને કામ કરવા અને આગળ વધારવામાં વધુ સારું કામ કર્યું છે. આવી સ્થિતિમાં કર્મચારીઓ વધુ સારા વળતરને પાત્ર છે અને તેમના પગારમાં ૧૫ ટકાથી વધુ વધારો થવો જોઈએ.

આવતા વર્ષે સામાન્ય ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે અને નાણા મંત્રાલય સાથે વાતચીત પર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સામાન્ય ચૂંટણી પહેલા કર્મચારીઓના પગારમાં વધારો કરવાના પ્રસ્તાવને મંજૂરી મળી શકે છે. સરકાર સાથે ત્રણ વર્ષની લાંબી વાટાઘાટો બાદ છેલ્લી વખત ૨૦૨૦માં બેંક કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવ્યો હતો.

સેલ... સેલ... સેલ...
રોનક ગીફટમાં તદ્દન દિવાળીની નવી આઈટમ જેમકે, ફલાવર પોટ, ફલાવર બુકે, નાઈટ લેમ્પ, ઝુમ્મર, વોલપીસ, મૂખવાસ દાની,
રોનક ગીફટ
તેમાં પણ ૧૦% ડિસ્કાઉન્ટ
તો અવશ્ય મુલાકાત લો....
હવેલી ગલી, વિનોદ બેન્ગલ્સની સામેની ગલીમાં, રઘુનાથ ચેમ્બર, જૂનાગઢ.
મો. ૯૭૨૩૮ ૯૮૪૮૫

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું


મહાયોગી
વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો નવતર અભિગમ : જિલ્લા સ્વાગતની રજુઆતો હવે ઓનલાઈન સ્વીકારવામાં આવશે



(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનાં જિલ્લા સ્તરીય સ્વાગતમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને લોકો પોતાની રજુઆતો ઘેર બેઠા કરી શકે તે માટે જિલ્લા સ્વાગતનું ઓનલાઈન પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે. સામાન્ય રીતે તાલુકા સ્વાગત અને જિલ્લા સ્વાગતમાં નાગરિકો પોતાની અરજી લેખિતમાં કચેરીમાં રૂબરૂ સંપર્ક કરીને રજૂ કરતા હોય છે. હાલના ઈન્ફર્મેશન ટેકનોલોજીના આ યુગમાં નાગરિકો કચેરીમાં રૂબરૂ ગયા વગર, ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરી પોતાની રજૂઆતો/ફરિયાદો/પ્રશ્નોને રજુ કરી શકે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં તાલુકા સ્વાગતમાં ઓનલાઈન માધ્યમથી પોતાની રજૂઆતો / ફરિયાદો / પ્રશ્નો રજૂ કરવાની પધ્ધતિ હાલ સફળતા પૂર્વક કાર્યરત છે. તાલુકા સ્વાગતમાં ઓનલાઈન રજુઆતની આ પધ્ધતિને લોકોના મળેલા વ્યાપક પ્રતિસાદને પગલે મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા સ્વાગતમાં પણ ઓનલાઈન માધ્યમથી લોકો પોતાની રજૂઆતો / ફરિયાદો / પ્રશ્નો રજૂ કરી શકે તે હેતુથી જિલ્લા સ્વાગતનાં ઓનલાઈન રજુઆત માટેનાં પ્લેટફોર્મનો શુભારંભ કરાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સ્વાગતમાં આ પ્લેટફોર્મ લોન્ચ કર્યું તે અવસરે મુખ્યમંત્રીનાં મુખ્ય અગ્રસચિવ કે.કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી અને અન્ય વરિષ્ઠ સચિવો પણ ઉપસ્થિત રહ્યા હતા. શુક્રવારે યોજાયેલા રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં શહેરી વિકાસ, પંચાયત, શિક્ષણ, ગૃહ વિભાગ, ઉદ્યોગ, મહેસૂલ, તથા નર્મદા અને જળ સંપત્તિ વિભાગને સ્પર્શતી લોકોની રજુઆતો મુખ્યમંત્રીએ સાંભળી હતી અને સંબંધીત સચિવઓ અને જિલ્લા કલેકટરઓને રજુઆતોનાં નિવારણ માટે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, જિલ્લા સ્વાગતમાં કલેક્ટરઓ દ્વારા જે રજુઆતોનું નિવારણ થયું હોય તે સંદર્ભમાં સંબંધિત જિલ્લા અધિકારીઓ સાથે સમીક્ષા યોજીને સમય મર્યાદામાં તેનું પાલન થાય તે કલેક્ટરશ્રીઓ સુનિશ્ચિત કરે તે આવશ્યક છે. ઓક્ટોબર-૨૦૨૩ મહિનાના સ્વાગત કાર્યક્રમમાં ગ્રામ, તાલુકા, જિલા અને રાજ્ય સ્વાગત મળીને ૩,૩૦૦ ઉપરાંત રજુઆતોનું સુખદ નિવારણ લાવવામાં આવ્યું છે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન રજુઆત માટે મુખ્યમંત્રીએ લોન્ચ કરેલા આ પ્લેટફોર્મનાં માધ્યમથી હવે નાગરિકો તાલુકા સ્વાગત અને જિલ્લા સ્વાગતમાં પોતાની રજૂઆતો/ફરિયાદો/પ્રશ્નો, પુરતી માહિતી અને પુરાવા સાથેની અરજી દર અંગ્રેજી માસની ૦૧ થી ૧૦ તારીખ સુધીમાં ઓનલાઈન માધ્યમથી રજૂ કરી શકશે. આ હેતુસર નાગરિકો જિલ્લા સ્વાગતમાં https://swagat.gujarat.gov.in/Citizen_Entry_DS.aspx?frm=ws ઉપર પોતાની રજુઆતો ઓનલાઈન મોકલી શકશે. જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન મળેલ રજૂઆતો પૈકી, જિલ્લા કલેક્ટર જિલ્લા સ્વાગતમાં સમાવેશ કરવા માંગતા હોય તેવી રજૂઆતોનો જિલ્લા કક્ષાએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવાનો રહેશે. બાકી રહેલ તમામ અરજીઓ જિલ્લા કલેક્ટર કચેરીએ સંબંધિત તાલુકાના મામલતદારને તાલુકા સ્વાગતમાં સમાવેશ કરવા માટે મોકલી આપવાની રહેશે.

આ અરજીઓ તાલુકા સ્વાગતની અરજી તરીકે ગણીને તેનો નિકાલ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં નિયમાનુસાર કરવાનો રહેશે. જિલ્લા કલેક્ટર કચેરીએ, જે અરજી તાલુકા સ્વાગતમાં તબદીલ કરવામાં આવેલ હોય તે અરજદારને પત્ર, ટેલિફોનિક મેસેજ અથવા ટેલીફોનિક સૂચના દ્વારા તાલુકા સ્વાગતના સમય અને સ્થળની વિગતો જણાવી, હાજર રહેવા માટે જાણ કરવાની રહેશે.

## ગીર સોમનાથ જિલ્લામાં રિન્યૂએબલ એનર્જી, ફિશ પ્રોસેસિંગ, મેંગો પલ્પ, કોલ્ડ સ્ટોરેજ જેવા ક્ષેત્રોમાં રૂા.૧૫૧૯ કરોડના MOU થયા



(રાકેશ પરડવા દ્વારા )
વેરાવળ, તા.૨૮

વેરાવળ બંદર ફિશિંગ ક્ષેત્રે લાખો લોકોને રોજગારી પૂરી પાડી રહ્યું છે ત્યારે સી ફૂડ એક્ષપોર્ટ એસો.ના પ્રમુખ જગદિશભાઈ ફોફંડીએ જણાવેલ કે, ગીર સોમનાથને વિશાળ દરિયાકિનારો મળ્યો છે અને વેરાવળમાંથી સમગ્ર વિશ્વમાં ફિશનું એક્ષપોર્ટ થાય છે. આ ઉદ્યોગમાં વેલ્યૂ એડિશનમાં પણ ઘણો સ્કોપ રહેલો છે. ઉપરાંત કેસર કેરી પણ આ જિલ્લાની ઓળખ છે ત્યારે 'વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ ગીર સોમનાથ' જેવા કાર્યક્રમ થકી નાનાથી મોટા ઉદ્યોગને ઘણો જ લાભ થવાની સાથે જિલ્લામાં રહેલી અપાર તકો ઓળખવાની તમામ ઉદ્યોગોને તક મળશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી લીડરશીપ હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સમગ્ર દેશનું ગ્રોથ એન્જિન બન્યુ છે ત્યારે વેપાર અને ઉદ્યોગક્ષેત્રે ગીર સોમનાથ જિલ્લો પણ સિંહફાળો નોંધાવી આગેકૂચ કરી પોતાની ભાગીદારી વધારે એવા હેતુસર આજે વેરાવળમાં 'વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ ગીર સોમનાથ' ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં સોલારક્રાફ્ટ પાવર ઈન્ડિયા પ્રા.લી, મિનાઝ એક્સપોર્ટ્સ, રૂચિલ એગ્રો ફૂડ પ્રોડક્ટ્સ સહિતની ૧૨ કંપનીઓ દ્વારા રિન્યૂએબલ એનર્જી, ફિશ પ્રોસેસિંગ, મેંગો પલ્પ, ફિશ કોલ્ડ સ્ટોરેજ જેવા ક્ષેત્રોમાં રૂ.૧૫૧૯.૭૧ કરોડના MOU કર્યા છે. જેના થકી આશરે ૭૦૦ થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ અપેક્ષિત રોજગારીની તકો પણ ઊભી થશે. આ કાર્યક્રમમાં ડીડીઓ રવિન્દ્ર ખતાલેએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. બાદમાં સંબોધનમાં જયારે સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જણાવેલ કે, 'પીએમ મોદીના નેતૃત્વમાં ગામડાઓમાં ૨૪ કલાક વીજળી મળવાથી નાના ઉદ્યોગકારોના જીવનમાં પણ પરિવર્તન આવ્યું છે. કુદરતી બક્ષિસ ધરાવતા ગીર સોમનાથ જિલ્લામાં નારિયેળીનું ઉત્પાદન ખૂબ થાય છે. નાના-મોટા મળી આશરે ૧૨૦ જેટલા ફિશ એકમોમાં થતી પ્રોસેસિંગની કામગીરી થકી સારી કમાણી કરી રહ્યા છે. અહીંની ફિશ પ્રોડક્ટ જાપાન, જર્મની, ચીન, ગલ્ફ, તાઈવાન સહિત અનેક દેશોમાં એક્ષપોર્ટ થાય છે. અહીંની ભૂમિમાં વાઈબ્રન્ટ ગીર સોમનાથનું આયોજન નાના-મોટા ઉદ્યોગોને વેગ આપતું સાબિત થશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, માનસિંહ પરમાર, સી ફૂડ એક્ષપોર્ટ એસો.ના જગદિશભાઈ ફોફંડી, લખમભાઈ ભેંસલા, પિયૂષભાઈ ફોફંડી, હરદાસભાઈ સોલંકી તેમજ ઈન્ડિયન રેયોન, જીએચસીએલ કંપનીના પ્રતિનિધિઓએ બાગાયત, ઉદ્યોગ, ખેતિવાડી, એસબીઆઈ સહિત ૨૫ જેટલા વિવિધ સ્ટોલની મુલાકાત લઈ વેપાર ઉદ્યોગને લગતી ગતિવિધિઓ તેમજ કૃષિ, ફિશરિઝ સહિત અન્ય ક્ષેત્રમાં રહેલી અપાર તકોને નજીકથી જાણી હતી.

## વિઝન સાયન્સ કલાસીસની આધુનિક લાઈબ્રેરીનો શુભારંભ કરતા જૂનાગઢનાં SP હર્ષદ મહેતા

**જૂનાગઢમાં શિક્ષણ ક્ષેત્રમાં હવે કલાસીસમાં લાઈબ્રેરી કોન્સેપ્ટ**



જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢનાં જાણીતા શિક્ષણવિદ સંજય વડાલીયા, સમીર વોરા, કલ્પેશ ભુત અને સમીર મહેતા સર કલાસીસ સાથે સ્ટડી માટે લાઈબ્રેરીનો કોન્સેપ્ટ શરૂ કર્યો છે. જેમાં વિદ્યાર્થી સવારે ૮ થી સાંજનાં ૮ વાગ્યા સુધી ફકત સ્ટડી ઉપર ધ્યાન કેન્દ્રીત કરી શકે એના માટે વિઝન કલાસીસે ૧૦૦ સ્ટુડન્ટસની સીટીંગ કેપેસીટીવાળી લાઈબ્રેરી શરૂ કરી છે. જેમાં બોયઝ અને ગર્લ્સ માટે અલગ અલગ સીટીંગ વ્યવસ્થા રાખવામાં આવી છે. મોતીબાગ રોડ સ્થિત આ કલાસીસમાં સ્ટુડન્ટસ માટે આધુનિક કેફે પણ બનાવવામાં આવી છે. ત્યાં સ્ટુડન્ટસ આરામથી બેસીને જમી કે નાસ્તો કરી શકશે. આ કલાસીસની શુભ શરૂઆત જૂનાગઢ શહેરનાં પોલીસ સુપ્રિડેન્ડેન્ટ હર્ષદ મહેતાના હસ્તે શરૂ થઈ છે. આ અવસરે હર્ષદ મહેતાનું વોરા સર અને વડાલીયા સરે પુષ્પગુચ્છથી સન્માન કર્યુ હતું.

## દ્વારકાધીશ જગતમંદીર પરિસરમાં શરદપૂર્ણિમા મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી

**સંધ્યા આરતી બાદ પૂજારી પરિવાર દ્વારા એક સરખા વસ્ત્રો ધારણ કરી ભવ્ય રાસોત્સવમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા**



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૨૮

યાત્રાધામ દેવભૂમિ દ્વારકા ખાતે ભગવાન શ્રી દ્વારકાધીશ જગતમંદિર પરિસરમાં ગઈકાલે શરદપૂર્ણિમાની ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. શરદપૂર્ણિમા ઉત્સવ પ્રસંગે જગતમંદિરમાં કાળિયા ઠાકુરને વિશેષ શૃંગાર પરિધાન કરાવવામાં આવેલ. દ્વારકાધીશ મંદિરમાં શરદપૂર્ણિમાને અનુલક્ષીને ઠાકોરજીને પરંપરાગત રીતે શરદોત્સવ સાથેના કાર્યક્રમનું જગતમંદિરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જગતમંદિરમાં ઠાકોરજીને સફેદ વસ્ત્રોમાં વિવિધ અલંકારો સાથેનો ભવ્ય શૃંગાર વારાદાર પુજારી નેતાજી નરભેરામ દ્વારા કરવામાં આવેલ. તેમજ સાંજે મહાઆરતી અને ભગવાનને મહાભોગ દૂધ-પૌઆના મહાપ્રસાદ ભાવિકોને આપવામાં આવેલ. અને રાત્રિના સમયે પુજારી પરીવાર દ્વારા ઠાકોરજીના સ્વરૂપ સાથે રાસોત્સવ રમી શરદપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં મહિલા - પુરુષો જોડાયા હતા. આ રાસોત્સવ નિહાળવા માટે શહેરના મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે નેતાજી નરભેરામ પુજારી પરીવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી તેમજ શરદોત્સવમાં માયાભાઈ આહીર, મયુરભાઈ દવે, સાગરદાન ગઢવી સહિતના કલાકારો જોડાયા હતા.

### :: અવસાન નોંધ ::

જૂનાગઢ : મું. વંથલી હાલ જૂનાગઢ નિવાસી ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ સ્વ.કૃપાબેન મનીષકુમાર રાવલ (ઉં.૪૨) તે મનીશકુમાર કાંતિલાલ રાવલ (ભીખુઅદા )ના પત્ની, આસ્થાબેનના માતુશ્રી, જીતેન્દ્રભાઈ, ભાસ્કરભાઈ, નવીનભાઈ, હરેશભાઈના નાનાભાઈના પત્ની, સ્વ.મુકેશભાઈ જોશી, પંકજબેનની પુત્રી, નીસર્ગભાઈના બહેન, પ્રેમિલાબેન મહેતાની ભાણેજનું તા. ૨૭ ના રોજ અવસાન થયેલ છે.

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ઈન્દુબેન હિતેન્દ્ર મણવર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ઈન્દુબેન હિતેશભાઈ મણવર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**ઈન્દુબેન હિતેશભાઈ મણવર**
પ્રાથમિક સ્કૂલ, ચિત્રોડ તાલાલા, ગીર સોમનાથ, ગુજરાત-૩૬૨૧૫૦

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **નેહલકુમારી દિલીપ નકુમ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **નેહલ દિલીપભાઈ નકુમ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**નેહલ દિલીપભાઈ નકુમ**
૧૬૭, મંગલધામ સોસા. સ્ટેશન નં.૩,
લાલપુર બાયપાસ ચોકડી પાસે, જામનગર - ૩૬૧૦૦૫, ગુજરાત

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **હિતેન્દ્ર લાલજીભાઈ મણવર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **હિતેશભાઈ લાલજીભાઈ મણવર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**હિતેશભાઈ લાલજીભાઈ મણવર**
પ્રાથમિક સ્કૂલ, ચિત્રોડ તાલાલા, ગીર સોમનાથ, ગુજરાત-૩૬૨૧૫૦

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **જયેશ માલદેભાઈ દિવારાણીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **જયેશ માલદેભાઈ દિવરાણીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**જયેશ માલદેભાઈ દિવરાણીયા**
મુ.ધંધુસર તા. વંથલી, જી. જૂનાગઢ - ગુજરાત - ૩૬૨૦૦૨



દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
નવરાત્રી માટે ખાસ..
નવરાત્રી માટે ખાસ..
ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીલ આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# જૂનાગઢ ખાતેના આયુષ મેળામાં આયુર્વેદ-હોમિયોપેથી પદ્ધતિથી નિદાન સારવાર કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લેતા નાગરિકો

## પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણના પરિણામે લોકોના આરોગ્યને વિપરીત અસરો થઈ છે, પ્રણાલીગત આહાર અપનાવવાની જરૂરિયાત : જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર



જૂનાગઢ, તા.૨૮

પરંપરાગત ચિકિત્સા પ્રણાલીને પ્રોત્સાહન મળે અને લોકો યોગ-આયુર્વેદ અપનાવે તેવા આશય સાથે જૂનાગઢમાં આયુષ મેળો યોજાયો હતો. જેમાં આયુર્વેદ, હોમિયોપેથી પદ્ધતિથી નિદાન સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. શહેરના ભૂતનાથ મહાદેવ મંદિર પરિસરમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરની અધ્યક્ષતા સ્થાને આયોજિત આયુષ મેળામાં યોગ, આયુર્વેદ, હોમિયોપેથી, આહાર, દિનચર્યા ઋતુચર્યા, પંચકર્મ વગેરે બાબતોને આવરી લેતું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે હરેશભાઈ ઠુંમરે જણાવ્યું હતું કે, પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણના પરિણામે ભારતના લોકોના આરોગ્યને વિપરીત અસરો થઈ છે, ત્યારે આરોગ્ય પ્રત્યે વિશેષ સજાગ બનવાની જરૂર છે. આપણા ખાનપાનમાં ફેરફાર કરીને પ્રણાલીગત આહાર અપનાવવાની જરૂરિયાત છે. ખાનપાનની ખરાબ આદતો અને વ્યસનોના લીધે લોકો ગંભીર રોગોના ભોગ બન્યા છે. ત્યારે આરોગ્ય માટે કાળજી લેવી ખૂબ આવશ્યક છે. આ સાથે તેમણે વેદ સાથે જોડાયેલા આયુર્વેદને પ્રવર્તમાન ભારત સરકાર ખૂબ પ્રોત્સાહન આપી રહી છે તેમ ઉમેર્યું હતું. જિલ્લા અધિકારી શ્રી ચંદ્રેશ વ્યાસે લોકો બીમાર જ ન પડે એટલે પ્રિવેન્ટિવ પગલા પર ભાર મુકતા કહ્યું કે, વિટામિન, સૂક્ષ્મ પોષક તત્વોથી ભરપૂર ફળ શાકભાજી વગેરે લેવા લોકોના આરોગ્ય માટે ખૂબ કારગર છે. દેશમાં અંદાજે ૧૦ કરોડ જેટલા ડાયાબિટીક અને ૧૩ કરોડ પ્રી-ડાયાબિટીક લોકો છે, ત્યારે આહાર લેવામાં વધુ સજાગતા જરૂરી છે. ચરબીયુક્ત આહારને ઘટાડી પ્રોટીન વાળો ખોરાક વધુ માત્રામાં લેવું જોઈએ. આ સાથે તેમણે આયુર્વેદ અને મિલેટ્સ પણ મહત્વ વર્ણવ્યું હતું. આ પ્રસંગે યોગ પ્રશિક્ષકોએ યોગાસન રજૂ કરી લોકોને યોગ કરવા માટે પ્રેરિત કર્યા હતા. નોબલ યુનિવર્સિટીના કે. એલ. કોરડીયા, અગ્રણી જીતેન્દ્રભાઈ ભીંડી, કિશોરભાઈ ડાંગર, પ્રોગ્રામ ઓફિસર વત્સલાબેન દવેએ પ્રસંગોચિત સંબોધન કરતા આયુર્વેદના મહત્વ પ્રચાર-પ્રસાર અને ઉપયોગીતા વિશે જાણકારી આપી હતી. કાર્યક્રમના પ્રારંભે ડો.પ્રણવભાઈ ત્રિવેદીએ શાબ્દિક સ્વાગત અને ડો.નરેન્દ્ર કરંગીયાએ આભારવિધિ કરી હતી. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ નિયામક આયુષની કચેરી, ગાંધીનગરના નિર્દેશથી જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા અને સરકારી આયુર્વેદ હોસ્પિટલ-



જૂનાગઢ દ્વારા આ આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આયુર્વેદનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.

# વેરાવળ પાલીકાના નવા શાસકોના પ્રથમ બોર્ડમાં જ વિકાસ કામોના એજન્ડાના મુદે સતાપક્ષ-વિપક્ષ સામસામે ગાજયા

## પાલીકાના શાસકોએ ૨૭ સમિતિઓમાં ચેરમેન-સભ્યોની નિમણુંક કરી : સમિતિની નિમણુંકોમાં અસંતોષ સામે આવતા જિલ્લા ભાજપ પ્રમુખે બેઠક કરી મામલો થાળે પાડયો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

વેરાવળ પાટણ પાલીકાના નવા શાસકોના પ્રથમ બોર્ડની સભામાં જ શાસક અને વિપક્ષના સભ્યો વચ્ચે રજુઆતના સંદર્ભે બઘડાટી બોલી હતી. આ બેઠકમાં તમામ એજન્ડા બહુમતીથી મંજુર કરવાની સાથે ૨૭ સમિતિઓના ચેરમેન-સભ્યોની વરણી કરવામાં આવી હતી જેમાં અમુક સભ્યોમાં નારાજગી જોવા મળેલ જેઓ સાથે જિલ્લા પ્રમુખે બેઠક કરી સમજાવટથી દુર કરી હતી.

વેરાવળ પાટણ પાલીકાના પ્રમુખ પલ્લવીબેન જાની, ઉપપ્રમુખ જયેશભાઈ માલમડી, કારોબારી ચેરમેન ચંદ્રિકાબેન સિકોતરીયાના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા મળી હતી. જેમાં ભાજપના , કોંગ્રેસના અને અપક્ષના ૩ સભ્યો હાજર રહેલ જયારે ૭ સભ્યો ગેરહાજર રહયા હતા. આ સભામાં ચંદ્રયાન ૩ અને મહિલા આરક્ષણ મહિલા બીલ બાબતે કેન્દ્ર સરકારને અભિનંદન આપતો ઠરાવ કરેલ હતો. આ ઉપરાંત ૧૫માં નાણાં પંચની ગ્રાંટમાંથી કરવાના વિકાસકામો નક્કી કરવા, શહેરના ઓજી વિસ્તારમાં વિકાસ કામો કરવા આવેલ ૮ કરોડની ગ્રાંટના કામોનું આયોજન કરવા, ટાવર ચોકના ગાર્ડનની જમીનમાં શોપીંગ સેન્ટર બનાવવાનો નિર્ણય કરવા, રાજય સરકારની રખડતા ઢોરોની સમસ્યા દુર કરવા અંગે કરેલ માર્ગદર્શિકાનો અમલ કરાવવા સહિત ખર્ચને લગતા કુલ ૧૩ એજન્ડાઓ રજુ કરવામાં આવેલ જેને શાસકોએ બહુમતિના જોરે મંજુર કરેલ હતા.

### ૨૭ સમિતિઓના ચેરમેનોની જાહેરાત કરાઈ

કારોબારી ચેરમેન તરીકે ચંદ્રિકાબેન સિકોતરીયા, પવડી કમીટીમાં દિક્ષીતાબેન અંકુરભાઈ અઢીયા, ટીપી કમીટીમાં ભારતીબેન કાળુભાઈ ચંદનાણી, વોટરવર્ક્સ કમીટીમાં ધનુબેન છગનભાઈ ફોફંડી, સેનીટેશનમાં રાજેશભાઈ ગઢીયા, લાઈટ કમીટીમાં પરેશ કોટીયા, યાત્રાળુ કમીટીમાં પિયુષભાઈ ફોફંડી, સર્વીસમાં પલ્લવીબેન જાની, સામાજીક ન્યાયમાં દિપીકાબેન કોટીયા, વાહન વ્યવહાર કમીટીમાં રેખાબેન જેઠવા, નવાવિસ્તાર વિકાસ કમીટીમાં બાદલભાઈ હુંબલ, લીગલ કમીટીમાં કપીલ મહેતા, ફિલટર શાખામાં ચેરમેન નિલેશભાઈ વિઠલાણી, હાઉસટેક્ષ કમીટીમાં કિશન જેઠવા, પ્રોફેશનલ ટેક્ષ કમીટીમાં મીનાબેન ગોસ્વામી, ચોપાટી કમીટીમાં મુક્તાબેન ચાવડા, મિશન મંગલમમાં ભાવિકાબેન સવનિયા, આવાસ યોજનામાં જીતેન્દ્ર સોલંકી, લાયબ્રેરીમાં મનભાઈ વાજા, ગાર્ડન કમીટીમાં હંસાબેન પાબારી, ટાઉન હોલ કમિટીમાં ભારતીબેન ચંદ્રાણી, મનોરંજનમાં સુરેશ ગઢીયા, પરચેઈઝ કમીટીમાં હર્ષિદાબેન પ્રહલાદભાઈ શામળા, જેમ કમીટીમાં જયેશ મહેતા, પસંદગી કમીટીમાં ધનજી બારૈયા, વૃક્ષારોપણ કમીટીમાં ધારાબેન જોષી, શહેર શુશોભન કમીટીમાં કમળાબેન દામજીભાઈ ફોફંડીની ચેરમેનો તરીકે વરણી કરવામાં આવી છે.

**પ્રથમ બોર્ડમાં નારાજગી સાથે ગરમા ગરમી જોવા મળી**

આ સભામાં વિકાસકામોના એજન્ડા અંગે વિસ્તૃત રજુઆત કરવા અંગે પૂર્વ ઉપપ્રમુખ કપીલ મહેતા અને વિપક્ષી નેતા ગુલામ ખાન વચ્ચે ઉગ્ર બોલાચાલી થયેલ ત્યારે બંન્ને પક્ષના અન્ય સભ્યોએ વચ્ચે આવી મામલો શાંત પાડયો હતો. બાદમાં પાલીકાની વિવિધ સમિતિઓના ચેરમેન-સભ્યોના નામોની જાહેરાત કરવામાં આવી હતી. જેને લઈ સત્તાધારી ભાજપના અમુક સભ્યોમાં અસંતોષ જોવા મળેલ હતો. જેને લઈ બેઠક પૂર્ણ થયા બાદ જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયાએ બેઠક યોજી મામલો થાળે પાડ્યો હતો. આમ, બીજી ટર્મની નવી બોડીના શાસકોના પ્રથમ બોર્ડમાં જ ગરમા ગરમી સાથે નારાજગી બંન્ને વાતાવરણ જોવા મળેલ હતુ.

# તાજવાલા ટ્રોફીમાં જૂનાગઢ જીલ્લાના ક્રિકેટ ઈતિહાસમાં સૌથી મોટો રન ચેસ



જૂનાગઢ, તા.૨૮

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન દ્વારા રમાડતી આંતર જિલ્લા ટુર્નામેન્ટમાં જૂનાગઢ જિલ્લાની ટીમે સુરેન્દ્રનગર જિલ્લા ટીમ સામે ૫૦ ઓવર માં ૩૮૨ રનનો વિશાળ લક્ષ્ય ચેસ કરી ૫ વિકેટે જીત મેળવી હતી. જૂનાગઢના કેપ્ટન જ્યોર્તિર પુરોહિતની આગેવાનીમાં પ્રથમ બોલિંગ કરતા સુરેન્દ્રનગરની ટીમ ૫૦ ઓવરમાં ૩૮૧ રન બનાવ્યા હતા.જે રનનો પીછો કરતા જૂનાગઢના ઓપનર રિધમ નકુમે ટીમને સારી શરૂઆત આપી હતી જેમાં રિધમ નકુમ ૧૬ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકારી ૧૩૩ (૯૫)ની શાનદાર ઈનિંગ્સ રમી હતી અને ત્યારબાદ જ્યોર્તિર પુરોહિતે ૭૧ (૬૬) અને ફિનીશર તરીકે આત્મન છાટબાર અણનમ ૭૫ રન કરી જૂનાગઢની ટીમે ૫ વિકેટે જીત મેળવી હતી. જેમાં મેચના મેન ઓફ ધ મેચ રિધમ નકુમ જાહેર થયો હતો. આ જીત બદલ તમામ ખેલાડીઓને અને કોચ ભરત બઢને જૂનાગઢ જિલ્લા ક્રિકેટ એસો. પ્રમુખ પાર્થ કોટેચા, ઉપ પ્રમુખ પાર્થ ધુલેસિયા, સેક્રેટરી અર્જુન રાડા અને સિલેક્ટર કમલ ચાવડાએ અભિનદન પાઠવ્યા હતા.

# જૂનાગઢ જીલ્લામાં સરકારી કચેરીઓનું રેકર્ડ વર્ગીકરણ કરાશે : ભંગાર નિકાલની સાથે જુના વાહનોની હરાજીની કામગીરી હાથ ધરાશે

જૂનાગઢ, તા.૨૮

સ્વચ્છતા હી સેવા ઝુંબેશને વધુ વ્યાપક બનાવવામાં આવી રહી છે. જૂનાગઢ જિલ્લામાં તા.૩૦-૧૦-૨૦૨૩ થી તા.૪-૧૧-૨૦૨૩ સુધી જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં રેકોર્ડ વર્ગીકરણ કરવામાં આવશે. આ સાથે સરકારી કચેરીઓમાંના જુના ભંગાર અને જુના વાહનોની હરાજીની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સ્વચ્છતા અભિયાનમાં તા.૨૯-૧૦-૨૦૨૩ના રોજ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના અવિકસિત અને અનિયમિત વિકસિત વિસ્તારમાં સાફ-સફાઈ તેમજ બિલ્ડીંગ કાટમાળને રિસાયકલ કરી ફરી રિયુઝ માટેની જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે. જિલ્લા સમાહર્તા અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં સ્વચ્છતા સેવા અભિયાન આયોજનબદ્ધ રીતે ચાલી રહ્યું છે. જેમાં સફાઈ કર્મીઓની સાથે પદાધિકારીઓ, આગેવાનો, કર્મચારીઓ, નાગરિકો પણ જોડાઈ રહ્યા છે. સાથોસાથ કાયમી સ્વચ્છતા જાળવવા માટે જનજાગૃતિ પણ ઉભી થઈ રહી છે. આ સ્વચ્છતા હી સેવા અભિયાનના સુચારૂ અમલીકરણ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા પણ જરૂરી સંકલન કરવામાં આવી રહ્યું છે.

# કોડીનાર હઝરત સરકાર રિઝકુલ્લાશાનો ૧ ૨ દિવસીય ઉર્ષ શરીફની ભવ્ય ઉજવણી

## કોમીએકતાનાં પ્રતીક છોટી બગદાદ તરીકે મહશુર ઉર્ષમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૮

કોડીનાર માં આવેલ અને સમગ્ર ભારતભરમાં છોટી બગદાદ શરીફ તરીકે ખ્યાતિપ્રાપ્ત હઝરત રીઝકુલ્લાહશા બાબા ર.અ.નાં ૧૧ દિવસીય ઉર્ષની કોમી એકતા સાથે અતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ તા.૧ થી ૧૧ તારીખ સુધી ઉર્ષે ખ્વાજા-એ-કાદરીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી જેમાં દરગાહ શરીફ ખાતે ૧૧ દિવસ આમ ન્યાજ અને નાત ખ્વાની સહિત અનેક કાર્યક્રમ યોજાયા હતા અને તા.૨૪/૧૦નાં સંદલ શરીફ બાદ અગિયારમીનાં દિવસે ભારે ધામધૂમ પૂર્વક ઉર્ષની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં રાત્રિનાં ફૂલ શરીફ અને મહેફિલે શમાં સહિતનાં અનેક કાર્યક્રમો યોજાયા હતા. મહેફિલે શમામાં ભારતનાં મશહૂર કવ્વાલ રાજુ મુરલીએ પોતાના અવાજથી અકીદતમંદોને મંત્રમુગ્ધ કર્યા હતા.૧૧ દિવસીય ઉર્ષનાં દિવસો દરમ્યાન કોડીનારનાં અનેક રાજકીય આગેવાનો અને અગ્રણીઓ સહિત અનેક કમિતીઓ દ્વારા દરગાહ શરીફ ખાતે ચાદર ચડાવવામાં આવી હતી. કોમી એકતાના પ્રતીક મોટા પીરની દરગાહમાં મોટી સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ ભાઈ-બહેનોનો માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ઉર્ષ દરમ્યાન કોડીનારનાં પીઆઈ આર. એ.ભોજાણી,પી.એસ.આઈ. ચાવડા સહિત પોલીસ અને હોમગાર્ડ જવાનો દ્વારા ભારે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસ તંત્ર દ્વારા ઉર્ષનાં દિવસો દરમ્યાન ટ્રાફિક સહિતની પ્રસશંનીય કામગીરી કરતા શાંતિમય માહોલમાં ઉર્ષ સંપન્ન થતાં કોડીનાર મુસ્લિમ સમાજ વતી સૈયદ ભીખુમિયાંબાપુ કાદરી અને સૈયદ કાદરી જમાત અને દરગાહ શરીફ ટ્રસ્ટ વતી પ્રમુખ સૈયદ જીલાનીબાપુ કાદરીએ પોલીસ તંત્ર સહિત કોડીનારનાં તમામ વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શરદ પૂર્ણિમા

આસો માસની પૂર્ણિમાને શરદ પૂનમ કે શરદ પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. નવરાત્રીના નવ દિવસ પછી દશેરા આવે છે અને ત્યારબાદ જે પૂનમ આવે છે એને શરદ પૂનમ કહેવામાં આવે છે. શરદ પૂનમના દિવસે ચાંદલિયો આકાશમાં પૂર્ણ અને સોળે કળાએ ખીલીને શીતળ ચાંદની ફેલાવે છે. શરદ પુનમની રાતને રઢિયાળી રાત કહેવામાં આવે છે અને આ રાતનો નજારો ખરેખર માણવા લાયક હોય છે. શરદ પૂર્ણિમા આવ્યા પછી વાતાવરણમાં ધીરેધીરે ઠંડક પ્રસરાવા લાગે છે તેથી મોડી રાતે રજાઈ ઓઢવાની ફરજ પડે છે અને શરદ ઋતુનો પ્રારંભ થાય છે. ગુજરાતી પંચાગ પ્રમાણે બાર મહિનામાં જેટલી પણ પૂનમો આવતી હોય એનાં કરતાં શરદ પૂર્ણિમાનું વજૂદ અને મહત્વ અલાયદું છે. શરદ પૂર્ણિમાને મોટી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે.

શરદ પૂર્ણિમાના દિવસે કલાધર ચંદ્રમા એની સંપૂર્ણ શશીકલાઓ પ્રસારી સોળે કલાએ ખીલી અને દીપી ઉઠે છે. નિરભ્ર આસમાનમાં ચંદ્ર એવો જાજરમાન લાગે છે કે તે ચાંદનીની બારાતમાં જઈ રહ્યો હોય એવો ભાસ લાગે છે. આજના દિવસે ચંદ્રમા સોળે કળાએ ખીલીને શીતળ ચાંદની ફેલાવે છે. શરદપૂર્ણિમાના દિવસે જ ભગવાન શ્રીકૃષ્ણે રાધાજી તથા ગોપીઓ સમેત જમુનાના તટ ઉપર સૂરીલી મધુરી મોરલીના સથવારે આખી રાત રાસલીલા રચાવી હતી. શરદ પૂર્ણિમાને કોજાગરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણાં કવિ,લેખકોએ પણ પોતાની રચનાઓમાં શરદપૂનમનો ઉલ્લેખ કરેલ છે.

" આસો માસો શરદ પુનમની રાત જો, ચાંદલિયો ઊગ્યો રે, સખી મારા ચોકમાં રે."

" શરદ પૂનમની ચાંદની હો હો ચાંદની ખીલી છે ભલી ભાતની".

"શરદ પૂનમની રાતમાં એક વાર તમને જોયાં હતાં, તમને જોઈને અમે સુખ ચૈન ખોયાં હતાં ".

" હો પૂનમની પ્યારી પ્યારી રાત, મારી પ્રિયતમ સાથે છે મુલાકાત, આજે તું ના જાતી".

" સાંભળ સહિયર વાતડી ને નૌતમ આસો માસ, શરદ પૂનમની રાતડી ને ચંદ્ર ચઢ્યો આકાશ ".

" તમ વિરહમાં વેરણ થઈ ગઈ શરદ પૂનમની રાતડી રે".

શરદપૂર્ણિમાને માણેકઠારી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. એવી લોકવાયકા છે કે સાગરમાં ખુલ્લું થઈને પડેલું છીપલું, વરસાદનું ટીપું ગ્રહણ કરીને શરદ પૂનમના દિવસે સાચાં મોતીમાં પરિવર્તિત થાય છે. કહેવાય છે કે માત્ર માનસરોવરમાં વસેલાં હંસ જ સાચાં મોતી ખાય છે. શરદ પૂર્ણિમાના દિવસે જ કુલગુરૂ વશિષ્ઠે રાજર્ષિ વિશ્વરથમાંથી વિશ્વામિત્ર બનેલાં મુનિશ્રીને પોતાના હાથે બ્રહ્મર્ષિની પદવી આપી હતી. આમ શરદ પૂનમનું મૂલ્ય કોઈ પણ પ્રકારે ઓછું આંકી શકાય નહીં.

- યોગેશભાઈ આર. જોશી

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દેશમાં છટકા આબાદી પડતર કેસોને કારણે પ્રભાવિત છે

એ પ્રશંસનીય છે કે સુપ્રીમ કોર્ટે ન માત્ર પડતર કેસોના નિકાલમાં વિલંબને લઈને ચિંતા વ્યક્ત કરી, પરંતુ એ કારણોનું નિરાણ કરવાની પણ કોશિશ કરી, જેને કારણે લોકોને સમય પર ન્યાય નથી મળી રહ્યો. એ સામાન્ય વાત નથી કે નીચલી અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુદ્ધાંમાં પડતર કેસોની સંખ્યા પાંચ કરોડના આંકડાને પાર કરી ગઈ છે. એમાંથી કેટલાક કેસો તો એવા પણ છે કે જે દાયકાઓથી પડતર છે. સુપ્રીમ કોર્ટે જે કેસની સુનાવણી કરતાં ન્યાયમાં વિલંબ પર ચિંતા વ્યક્ત કરી, તે પણ ચાર દાયકાથી વધુ સમયથી ચાલી રહ્યો છે! સુપ્રીમ કોર્ટે એ જોયું કે દેશમાં લગભગ છ ટકા આબાદી પડતર કેસોને કારણે પ્રભાવિત છે, સાથે જ એ પણ માન્યું કે જો ન્યાયમાં વિલંબનો સિલસિલો યથાવત રહે છે તો લોકોનો ન્યાય પ્રક્રિયાથી મોહભંગ થઈ શકે છે. ખરું તો એ છે કે એવું થવા પણ લાગ્યું છે અને તેનું કારણ એ છે કે નાના-નાના કેસોના નિકાલમાં દાયકાઓ વીતી જાય છે. ન્યાયમાં વિલંબથી માત્ર લોકોની પરેશાની જ નથી વધતી, બલ્કે પડતર કેસો કોઈને કોઈ સ્તર પર રાષ્ટ્રની પ્રગતિમાં અડચણ પણ બને છે.

નિશ્ચિતપણે લોકોને સમયસર ન્યાય ઉપલબ્ધ કરાવવા માટે એક સાથે કેટલાય પ્રકારે પ્રયાસ કરવાની જરૂરિયાત છે. જરૂરિયાત માત્ર ન્યાયાધીશોની સંખ્યા વધારવા અને અદાલતોને જરૂરી સંસાધનો ઉપલબ્ધ કરાવવાની જ નથી, બલ્કે તારીખ પે તારીખના સિલસિલાને રોકવાની પણ છે. એની અવગણના ન કરી શકાય કે સાક્ષીઓની ગેરહાજરી, કોઈ યોગ્ય કારણ વિના સ્થગન આપવા અને વકીલોની ભૂમિકાની સાથે અંગ્રેજોના જમાનાની દંડ સંહિતા અને ન્યાય પ્રક્રિયા સંહિતાની ખામીઓ પણ છે. એ સારું છે કે આ બંને સંહિતાઓમાં વ્યાપક સંશોધન અને પરિવર્તન કરવાની પહેલ શરૂ થઈ ગઈ છે, પરંતુ વાત ત્યારે જ બનશે જ્યારે એવી કોઈ વ્યવસ્થા કરવામાં આવશે, જેનાથી એક નિશ્ચિત સમયમાં ન્યાય આપવો નક્કી કરી શકાશે. જોકે એની જરૂરિયાત હતી કે એ કારણોના મૂળમાં જવામાં આવે કે જેને લીધે કેસો લાંબા ખેંચાતા રહે છે. તેના માટે સુપ્રીમ કોર્ટે તમામ હાઈકોર્ટોને કેટલાક નિર્દેશ આપ્યા છે અને એ પણ કહ્યું કે પાંચ વર્ષથી વધુ સમયથી પડતર કેસોના નિરીક્ષણ માટે મુખ્ય ન્યાયાધીશોની અધ્યક્ષતામાં એક સમિતિ રચવામાં આવે, પરંતુ એ ધ્યાન રહે કે પડતર કેસોના નિકાલ માટે આના પહેલાં પણ કેટલાય સ્તરો પર પગલાં ઉઠાવવામાં આવ્યાં છે અને પરિણામ શૂન્ય જ રહ્યું છે. એ સમયની માંગ છે કે સુપ્રીમ કોર્ટ એ જુએ કે તેણે સમય પર ન્યાય ઉપલબ્ધ કરાવવા માટે જે પગલાં ભર્યાં છે, તેના પર યોગ્ય રીતે અમલ થાય.

# ગુજરાતમાં શિયાળાના આગમનને હજી પંદર દિવસ રાહ જોવી પડશે

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં ધીમા પગલે ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. દિવસે ગરમી અને રાતે ઠંડી અનુભવાઈ રહી છે. રાજ્યમાં બેવડી ઋતુની અસર અનુભવાઈ રહી છે. ત્યારે રાજ્યના હવામાન વિભાગે અનુમાન કર્યુ કે, રાત્રે લઘુતમ તાપમાન ૨૦ થી ૨૨ ડિગ્રી આસપાસ રહેશે. ગત રોજ અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું છે. આવતા સપ્તાહથી ઠંડીનું જોર વધશે. જોકે ખરી ઠંડી તો ડિસેમ્બર મહિનામાં પડશે. ઉત્તર ભારતીય પ્રદેશમાં હિમ વર્ષા બાદ ગુજરાતમાં ખરી ઠંડીનો અહેસાસ થવા લાગશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો.મનોરમા મોહંતીએ જણાવ્યું કે, હાલ ગુજરાતમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. આ ટ્રન્ઝીટ પીરિયડ છે. આ ટ્રાન્ઝિસ્ટ મહિનો હોવાથી હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. પરંતું જલ્દી જ વાતાવરણમાં ઠંડીનો અહેસાસ થવા લાગશે. ગુજરાતમાં હજુ ૧૫ દિવસ મિશ્ર ઋતુ જોવા મળશે. પરંતુ શિયાળો હવે મોડો આવશે. શિયાળાના આગમનને હજી પંદર દિવસ રાહ જોવી પડશે. હવામાન વિભાગના એકસપર્ટસના અનુસાર, હજુ ૧૫ દિવસ શિયાળાની રાહ જોવી પડશે. હજુ પંદર દિવસ મિશ્ર વાતાવરણ બની રહેશે. બપોરનાસમયે ગરમી જ્યારે વહેલી સવારે ઠંડીનો અહેસાસ થશે. આવા સમયે વાદળો પણ છવાશે. હાલ માવઠાની કોઈ શક્યતા દેખાતી નથી. આવામાં હવામાન વિભાગના એક્સપર્ટસ ખેડૂતોને સલાહ આપી રહ્યાં છે કે, સામાન્ય રીતે કેટલાક વિસ્તારોમાં શિયાળુ પાકનું વહેલુ વાવેતર કરવામાં આવતુ હોય છે. જે ન કરવું જોઈ. યોગ્ય ઋતુ બેસે તે બાદ જ વાવેતર કરવુ યોગ્ય રહેશે. જેથી પાકનો ઉગાવો સારો આવે. આવુ કરવાથી પાકને નુકસાન પણ થતુ નથી. અંબાલાલ પટેલે જણાવ્યું કે, આ વર્ષે નવેમ્બર અને ડિસેમ્બરની શરૂઆતમાં શિયાળો હુંફાળો રહેશે. આ વર્ષે શિયાળો અલ નિનોના કારણે થોડો મોડો શરૂ થશે. ૨૨ ડિસેમ્બર પછી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમ વર્ષા થશે. જેના કારણે ગુજરાતમાં ઠંડી શરુ થશે. પરંતું આ વર્ષે જાન્યુઆરી મહિનો ઠંડો રહેશે. ૫ મી ફેબ્રુઆરીથી દેશના ઉત્તરીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થતા કાતિલ ઠંડીને વેગ મળશે. આ દિવસોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહેવાની શક્યતા છે. તો ઉત્તર ગુજરાતનાં ભાગોમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી રહેવાની શક્યતા છે. ગુજરાતની વાત કરીએ તો આ વર્ષે નલિયાનું તાપમાન ૭ ડિગ્રી સુધી રહેવાની શક્યતા છે. ફેબ્રુઆરીના અંત સુધી અને માર્ચના શરૂઆતમાં ગુલાબી ઠંડી રહેશે. એક પછી એક પશ્ચિમી વિક્ષેભ આવતા દેશના ઉત્તરીય પ્રદેશોમાં હવામાન કથળી જવાથી દિવાળી પહેલા સવારે ઠંડીનો અનુભવ થશે પણ તે શિયાળાની ઠંડી ગણી શકાય નહી. ૨૬ ઓક્ટોબરથી હવામાનમાં ફેરફાર થતા સવારે ઠંડક રહેશે. આ દિવસોમાં રોગિસ્ટ ઋતુનો પ્રભાવ ઘટશે અને સમૃદ્રમાં વરસાદ વધુ થશે. આ શરદ પૂનમે ચંદ્રગ્રહણ છે, જો પૂનમે ચંદ્ર શ્યામ વાદળોમાં ઢંકાયેલો રહેતો વાવાઝોડું રહેવાની શક્યતા રહે છે.

# દુધઈ સબ બ્રાન્ચ કેનાલના નિર્માણ માટે ખેડુતો હવે લડી લેવાનાં મુડમાં

કચ્છ,તા.૨૮

ભુજ તાલુકાના કિસાનોને સતાવતા પીજીવીસીએલ, મહેસૂલ, ટાવર લાઈનો, તળાવો, ખાતરની તંગી અને કચ્છને નર્મદાના નિયમિત અને વધારાના પાણી બાબતે ભારતીય કિસાન સંઘ દ્વારા ૯ તાલુકા મથકોએ ધરણાં કરવામાં આવ્યા હતા. નર્મદા લાવો કચ્છ બચાવો નાં નારા સાથે ભારતીય કિસાન સંઘનાં નેજા હેઠળ કચ્છનાં ખેડૂતો એકત્રિત થયા હતા. ભારતીય કિસાન સંઘ કચ્છના પ્રમુખ શિવજીભાઈ બરાડિયાએ જણાવ્યું હતું કે,કચ્છમાં નર્મદાના નિયમિત પાણીની દુધઈ સબ બ્રાન્ચ કેનાલમાં ટેન્ડર વધુ એક વાર રદ કરી દેવાયા છે. આ કેનાલના લાભાર્થી ગામો સરહદી છે અને પાણી માટે અન્ય કોઈ સ્રોત નથી ત્યારે નર્મદાના પાણી એકમાત્ર વિકલ્પ છે. કેનાલ બનાવવા માટે ખેડૂતો પોતાની જમીન આપવા તૈયાર છે તેમ છતાં કોઈ કારણોસર દુધઈ સબ બ્રાન્ચ કેનાલના નિર્માણ અંગેના ટેન્ડર વારંવાર રદ કરી દેવામાં આવે છે. તો ૯મી ઓક્ટોબરના ભારતીય કિસાન સંઘનું પ્રતિનિધિ મંડળ ગાંધીનગર ખાતે જનપ્રતિનિધીઓ અને અધિકારીઓને રૂબરૂ મળ્યું ત્યારે એક માસમાં કામ ચાલુ થઈ જશે તેવી ખાતરી આપવામાં આવી હતી. તેમ છતાં ફરી એકવાર ટેન્ડર રદ કરી દેવાયું છે ત્યારે ગુજરાત સરકાર- મુખ્ય મંત્રી ચલાવે છે કે, તંત્રના અધિકારીઓ તે એક પ્રશ્ન ઊભો થયો છે. દુધઈ બાન્ચ કેનાલનું કામ તાત્કાલિક મુળ યોજના મુજબ શરૂ કરાય તેવી માગ કરવામાં આવી રહી છે. આ કામ તાત્કાલિક ધોરણે કરવામાં નહીં આવે તો ૨૮મી નવેમ્બર બાદ જિલ્લા સ્તરે ૨૫૦૦૦થી ૪૦૦૦૦ ખેડૂતો અને લોકો ભેગા થઈને ઉગ્ર આંદોલન કરશે.

### કોર્ટમાં હાજર થવા ફરમાન કરાતા હડકંપ મચ્યો

# બદાયુમાં SDMએ રાજ્યપાલ આનંદીબેન પટેલને મોકલ્યું સમન

## રાજ્યપાલ આનંદીબેન પટેલ તરફથી તેમના સચિવ દ્વારા ડીએમને પત્ર મોકલીને ચેતવણી પણ ઈશ્યું કરાઈ છે

બદાયુ, તા.૨૮

ઉત્તર પ્રદેશના બદાયુમાં SDM એ રાજ્યપાલના નામે સમન જારી કરીને તેમને હાજર થવાનો આદેશ આપ્યો. જેવા આ આદેશની કોપી વાયરલ થઈ કે હડકંપ મચી ગયો. જેના પર રાજ્યપાલ આનંદીબેન પટેલ તરફથી તેમના સચિવ દ્વારા ડીએમને પત્ર મોકલીને ચેતવણી પણ ઈશ્યું કરાઈ છે. આ પત્રમાં લખવામાં આવ્યું છે કે બંધારણની કલમ ૩૬૧ મુજબ બંધારણીય પદ પર બિરાજમાન વ્યક્તિ વિરુદ્ધ કોઈ સમન કે નોટિસ મોકલી શકાય નહીં. આમ છતાં એસડીએમએ વિધિ-વ્યવસ્થાઓને નજરઅંદાજ કરીને રાજ્યપાલના નામનું સમન મોકલીને ૧૮ ઓક્ટોબરના રોજ જીહુર કોર્ટમાં પોતાનો પક્ષ રજૂ કરવા માટે હાજર થવાનો આદેશ આપ્યો. ત્યારબાદ ડીએમ મનોજકુમારે એસડીએમ ન્યાયિક વિનિતકુમારને ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાની ચેતવણી પણ ઉચ્ચારી છે. બદાયુના ગ્રામ લહોડા બહેડી રહીશ ચંદ્રહાસે વિસ્તારના SDM ન્યાયિક કોર્ટમાં વિપક્ષી પક્ષકાર તરીકે લેખરાજ, પીડબલ્યુડીના સંબંધિત અધિકારી અને રાજ્યપાલને પક્ષકાર બનાવતા એક અરજી દાખલ કરી હતી. SDM કોર્ટમાં દાખલ અરજી મુજબ ચંદ્રહાસની કાકી કટોરી દેવીની સંપત્તિ તેમના એક સંબંધીએ પોતાના નામે કરાવી લીધી હતી. ત્યારબાદ તેને લેખરાજના નામે વેચી દીધી. થોડા દિવસ પછી બદાયુ બાઈપાસ સ્થિત ગ્રામ બહેડી નજીક ઉપરોક્ત જમીનનો કેટલોક ભાગ શાસન દ્વારા અધિગ્રહણ કરાયો. તે સંપત્તિના અધિગ્રહણ થયા બાદ લેખરાજને શાસન તરફથી લગભગ ૧૨ લાખ રૂપિયાની રકમ વળતર તરીકે મળી.

જેની જાણકારી થયા બાદ કટોરી દેવીના ભત્રીજા ચંદ્રહાસે ન્યાયિક મેજિસ્ટ્રેટ કોર્ટમાં અરજી દાખલ કરી. આ અરજી પર એસડીએમ ન્યાયિક વિનીતકુમારની કોર્ટમાંથી લેખરાજ તથા પ્રદેશના રાજ્યપાલને ૭ ઓક્ટોબરના રોજ કલમ ૧૪૪ રાજ્યસંહિતા હેઠળ એક સમન મોકલવામાં આવ્યો. જે ૧૦ ઓક્ટોબરના રોજ રાજભવનમાં પહોંચ્યું. આ સમનમાં રાજ્યપાલને ૧૮ ઓક્ટોબરના રોજ એસડીએમ ન્યાયિકની કોર્ટમાં હાજર થવા અને પોતાનો પક્ષ રજૂ કરવાનું કહેવાયું. જેના પર રાજ્યપાલના વિશેષ સચિવ બદ્રીનાથ સિંહ દ્વારા ૧૬ ઓક્ટોબરના રોજ ડીએમ બદાયુને પત્ર લખવામાં આવ્યો. પત્રમાં એ વાતનો ઉલ્લેખ કરાયો કે બંધારણીય પદ પર બિરાજેલી વ્યક્તિ વિરુદ્ધ કોઈ સમન કે નોટિસ મોકલી શકાય નહીં. રાજ્યપાલના સચિવે બંધારણની કલમ ૩૬૧નો ભંગ માનતા એસડીએમના સમન પર ભારે આપત્તિ જતાવી. સચિવે ડીએમ બદાયુને હસ્તક્ષેપ કરીને નિયમાનુસાર પક્ષ રજૂ કરવા અને નોટિસ પાઠવવા મામલે જરૂરી કાર્યવાહી કરવાના પણ નિર્દેશ આપ્યા. જેના પર ડીએમ મનોજકુમારે કહ્યું કે તેમના કાર્યાલયને મહામહિમ રાજ્યપાલના સચિવનો પત્ર મળ્યો છે. પત્રના માધ્યમથી જાણ થઈ કે રાજ્યપાલને એસડીએમ (ન્યાયિક) વિનીતકુમારની કોર્ટમાંથી રાજસ્વ સંહિતા કલમ ૧૪૪ હેઠળ પાઠવવામાં આવેલું સમન જેવું રાજભવન પહોંચ્યું ત્યારે હડકંપ મચી ગયો હતો. રાજ્યપાલના વિશેષ સચિવ બદ્રીનાથ સિંહજીએ પત્રમાં જણાવ્યું કે રાજ્યપાલને સમન કે નોટિસ પાઠવી શકાય નહીં. આથી સંબંધિત અધિકારીને એ જણાવવામાં આવે કે તે કલમ ૩૬૧નો ભંગ છે. જેનાથી ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય. જિલ્લાધિકારીએ કહ્યું કે સંબંધિત ન્યાયિક મેજિસ્ટ્રેટ વિનીતકુમારને રાજ્યપાલ દ્વારા પાઠવવામાં આવેલા પત્ર અને ચેતવણીથી માહિતગાર કરી દેવાયા છે.

# ધામળેજ ગામે શ્રેષ્ઠ શિક્ષક માલાભાઈ ઝાલાનો નિવૃતિ સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૮

તા.૧૫-૧૦-૨૦૨૩ના રોજ ગીર-સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામે શ્રી ધૌમ્ય પે.સેન્ટર શાળા તથા પેટાશાળા અને સમસ્ત ધામળેજ ગામ આયોજીત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મેળવનાર અને ગામમાં શિક્ષણની ધૂણી ધખાવનાર માલાભાઈ જે. ઝાલાનો સેવા નિવૃત સન્માન સમારોહ અને શૈક્ષણિક ચિંતન સેમીનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે તાલાલાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ અને ઉદ્દ્ઘાટક તરીકે પૂર્વ કેબીનેટ મંત્રી જશાભાઈ બારડની ઉપસ્થિતી રહી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગીર-સોમનાથ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજવિરસિંહ ઝાલા, શિક્ષણ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ટાંક, જૂનાગઢ જિલ્લાના પૂર્વ પ્રમુખ શૈલેન્દ્રસિંહ રાઠોડ, ગીર-સોમનાથ કોપ્ટ શિક્ષણ સમિતિના શ્રી રામશીભાઈ પંપાણીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ વજેસિંહ ચુડાસમા અને મહામંત્રી પરબતભાઈ ચાંડેરા તથા લાખાભાઈ વાળા તેમજ તમામ સંઘના હોદેદારોની ઉપસ્થિતી હતી. આ ઉપરાંત અમરેલીના મુકેશભાઈ નાકરાણી, ટંકારાથી રમણીકભાઈ અને મુની સેવા આશ્રમ બારડોલીથી વિનોદભાઈ અને વિજયભાઈ દ્વારા પણ માલાભાઈને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ વિવિધ શાળાઓ, મિત્રો અને ગ્રામજનો દ્વારા પણ સન્માન વિવિધ મોમેન્ટો દ્વારા કરાવામાં આવ્યુ હતું. શૈક્ષણિક ચિંતન શિબિરના મુખ્ય વક્તા તરીકે જિલ્લા શિક્ષણ તાલિમ ભવન જૂનાગઢના પૂર્વ પ્રાચાર્ય કે.કે.કરકર અને લેકચરર ભરતભાઈ મેસિયાએ હળવી શૈલીમા શિક્ષણની ગુણવતા અને આવનારા સમયની માંગ મુલ્ય શિક્ષણ અને વ્યવસાયિક શિક્ષણની વાતો કરી તેમજ શિક્ષકોને માર્ગદર્શન પૂરૂ પાડ્યુ હતુ. આ તકે ગામના પ્રથમ નાગરીક ઓઘડભાઈ વાળા તથા પૂર્વ સરપંચ ભગવાનભાઈ જાદવ, ગામના શિક્ષણપ્રેમી આગેવાન માનસિંહભાઈ ચૌહાણ, ઉકાભાઈ વંશ, દુદાભાઈ ડોડિયા તથા વડીલો, યુવાનો તેમજ ખારવા સમાજના પટેલઓ તથા ગ્રામજનો તથા સમગ્ર સુત્રાપાડા તાલુકાના શિક્ષક ભાઈ બહેનોની બહોળી સંખ્યામા ઉપસ્થિતી રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગીર ગઢડા સેવા સદન છે કે મધ ઉછેર કેન્દ્ર ? ઉઠતો સવાલ

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૮

ગીર ગઢડા તાલુકા સેવા સદનમાં જોવા મળ્યા જંગલી મધમાખીના પુડા છેવાડાના લોકોને સરળતા સાથે સેવા મળી રહે એ હેતુથી તૈયાર કરાયેલ સેવા સદન લોકો સેવા ની જગ્યા એ મધ ઉછેર કેન્દ્ર જેવું જોવા મળ્યું અમારી ટીમ દ્વારા રિયાલિટી ચેક કરતા દ્રશ્યો જોવા મળ્યા ત્યારે જ મામલદાર તાલુકાના રાજા જેવોને લોકો કહેતા હોય છે તેને રૂબરૂ સંપર્ક કરી આ વિશે પૂછવામાં આવતા તેવો દ્વારા જવાબ પણ ખુબ આશ્ચર્ય જનક મળ્યો. પત્રકાર : સાહેબ આ મધ માખી કોઈને કરડે તો શું થાય ? મામલતદાર : એ કરડે તો જવાબદારી અમારી. પત્રકાર : સાહેબ આ મીડિયામાં આવશે. મામલદાર : ભલે આવે... જે છે એ સામેજ છે કોઈને કરડે એની જવાબદારી અમારી છે. જો કલાસ વન અધિકારી તરીકે ફરજ બજાવતા મામલતદાર પોતે બે જવાબદાર હોવ તેવા ઊડાવ જવાબ મીડિયા સમક્ષ આપી લોકોનેને સરકારને શું સંદેશ આપવા માંગતા હશે ? જો કોઈ અરજદારને આ જંગલી મધમાખી કરડે તો જવાબદાર કોણ ? અનેક ગામોમાં આ પહાડી જંગલી મધમાખી કરડવાના બનાવો બન્યા છે અને અનેક લોકોને હોસ્પિટલમાં દાખલ કરાયા છે ત્યારે સરકાર પણ આ માખી માટે તકેદારી રાખવા સુચનો આપતી હોય છે ત્યારે ગીર ગઢડા તાલુકા સેવા સદન માં લોકો ભયના ઓથાર હેઠળ કામ અર્થે આવતા દેખાય રહ્યા છે. ત્યારે કલાસ વન સરકારી બાબુ જ આવા જવાબ આપતા હોય ત્યારે જોવાનું રહ્યું કે સરકારી આ જંગલી મધમાંખી ના પૂડા હટાવે છે કે કોઈને કરડવાની રાહ જોશે ? અમારી ટીમને બહાર આવતા પાછળના ભાગે જનરેટર જેવા સાધનો દેખાયા જે લગભગ નોન યુઝ થયેલા જોવા મલ્યુ સાથે કૂતરાઓ પણ દસ્તાવેજમાં લાઈનમાં રાહ જોતા બારી ઉપર જોવા મળ્યા. અંદર ટોયલેટ રૂમમાં પણ ગંદકીના ગંજ જોવા મળ્યા અને ઓફિસમાં લાઈટ ચાલુના દ્રશ્યો જોવા મળ્યા જે જોતા "રામ રાજ્ય પ્રજા સુખી " કહેવત સ્પષ્ટ વાક્ય કહેવું ખોટું નથી.

# ધામળેજની આદર્શ પ્લે હાઉસ સ્કૂલમાં નાના ભૂલકાઓ દ્વારા નવરાત્રીની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૮

સુત્રાપાડા તાલુકાનાં ધામળેજ ખાતે આવેલ શ્રી રામભગત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી આદર્શ પ્લે હાઉસ સ્કૂલમાં નાના નાના ભૂલકાઓ દ્વારા એક દિવસની નવરાત્રીનો રાસોત્સવ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકો દ્વારા વિવિધ રીતે રાસોત્સવ રમવામાં આવ્યા હતા. આ તકે શાળાના સંચાલક મેરૂભાઈ વાળા તથા માનસિંગભાઈ કામળિયા તથા સ્ટાફમાં સંજનાબેન ચૌહાણ તથા સવિતાબેન વાળા તથા તેજલબેન સેવરા તથા દીપિકાબેન કાપડિયા તથા અરૂણાબેન વાળા, દિપીકાબેન વાળા સહિતના લોકો જોડાયા હતા અને બાળકોરને પ્રોત્સાહિત કર્યા હતા અને શાળા પરિવાર દ્વારા નવરાત્રીની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. (તસ્વીર : શૈલેષભાઈ વાળા)

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જ્યાં બુધ્ધિ શાસન કરે છે, ત્યાં સફળતા નજીક હોય છે.

- ટોમસન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો સુદ-૧૫ વ્રતની પૂનમ, શરદપૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા, ખંડગ્રાસ ચંદ્રગ્રહણ, શ્રી વાલ્મિકી જયંતિ, ડાકોરનો મેળો, પંચક (સવારે ૭:૩૨ ક.થી સમાપ્ત) તા.૨૮ ઓક્ટોબર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૧૨, રેવતી નક્ષત્ર, વજ્ર યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૫૪, સૂ.અ.૬:૧૫

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સવારે ૭:૩૧ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ભાઈ-બહેનનો સહકાર મળે. પર્યટન-પ્રવાસનું આયોજન થાય.
વૃષભ:કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.
મિથુન:સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
કર્ક: સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.
સિંહ: ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.
કન્યા: ભાગીદારીથી આર્થિક લાભ, પડવા-વાગવાથી સંભાળવું.
તુલા: ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.
વૃશ્ચિક:માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર આવે.
ધન: રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.
મકર: લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગત્તિ થાય.
કુંભ: વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. જીવનસાથીનો સહકાર મળે.
મીન: પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને.

# Golden Passport મેળવવા ભારતીય લોકોનો ધસારો

**કોઈ દેશમાં સારી એવી રકમનું રોકાણ કરીને તેના બદલામાં સિટિઝનશિપ મેળવવામાં આવે ત્યારે તેને ગોલ્ડન પાસપોર્ટ ફેસિલિટી કહેવામાં આવે છે**



નવી દિલ્હી, તા.૨૮

આજકાલ ધનિક ભારતીયો **Golden Passport** મેળવવા માટે ધસારો કરી રહ્યા છે. હાલમાં ગોલ્ડન પાસપોર્ટ માટે જે કુલ અરજીઓ આવે છે તેમાં લગભગ ૧૦ ટકા હિસ્સો ભારતીયોનો છે. વર્ષ ૨૦૨૨માં ગોલ્ડન પાસપોર્ટની કુલ અરજીઓમાં ૯.૪ ટકા હિસ્સો ભારતીયોનો હતો. ગોલ્ડન પાસપોર્ટ મેળવવા માટે તમારે કોઈ દેશમાં નોંધપાત્ર ઈન્વેસ્ટમેન્ટ કરવાનું હોય છે અથવા ત્યાંની કંપનીમાં શેર ખરીદવા પડે છે. તેની સામે તમને ઢગલાબંધ દેશોનું એક્સેસ મળી જાય છે અને બિઝનેસને ઝડપથી વિસ્તારી શકાય છે. જ્યારે કોઈ દેશમાં સારી એવી રકમનું રોકાણ કરીને તેના બદલામાં સિટિઝનશિપ મેળવવામાં આવે ત્યારે તેને ગોલ્ડન પાસપોર્ટ ફેસિલિટી કહેવામાં આવે છે. ભારતમાં બિઝનેસમેન કોમ્યુનિટી આ પાસપોર્ટ મેળવવામાં આગળ છે અને તેઓ સૌથી વધારે અરજીઓ કરે છે. તેમને ગોલ્ડન પાસપોર્ટની મદદથી પોતાનો બિઝનેસ ફેલાવવામાં પણ મદદ મળે છે. સામાન્ય રીતે એક લાખ ડોલરથી લઈને ૧૦ લાખ ડોલર સુધીના રોકાણ ઉપર ગોલ્ડન પાસપોર્ટ મળી જાય છે. ભારતીયો જ્યારે ઈન્ટરનેશનલ બિઝનેસ કરવા માગતા હોય અથવા વિદેશમાં કારકિર્દી બનાવવી હોય ત્યારે તેમને ટ્રાવેલની સમસ્યા સૌથી વધારે નડે છે. ભારતીય પાસપોર્ટ દ્વારા તમને માત્ર ૬૦ દેશોમાં વિઝા-ફ્રી એન્ટ્રી મળે છે અને તેમાં પણ મોટા ભાગના સાધારણ દેશો હોય છે. એટલે કે ભારતીય પાસપોર્ટ અને તાજિકિસ્તાનનાપાસપોર્ટ બંને એક સરખા પાવરફૂલ છે. તેથી આધુનિક દેશોમાં જવું હોય તો ગોલ્ડન પાસપોર્ટ બહુ ઉપયોગી બને છે. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના પ્રોફેસર અને ગોલ્ડન પાસપોર્ટ વિશે બુક લખનારા ક્રિષ્ટિન સુરાક કહે છે કે તમે સેઈન્ટ કિટ્સ અથવા નેવિસ જેવા ટચૂકડા દેશઅથવા કોઈ કેરેબિયન દેશના સિટિઝન બની જાવ તો તમને ૧૫૭ દેશોમાં વિઝા ફ્રી એક્સેસ મળી શકે છે. તેમાં યુરોપિયન યુનિયન અને યુકે પણ સમાવિષ્ટ છે. એટલે કે ભારતીય પાસપોર્ટની તુલનામાં ગોલ્ડન પાસપોર્ટ ઘણો વધારે શક્તિશાળી છે. તમારે કોઈ પ્લેનમાં તાત્કાલિક જવાનું હોય અથવા બિઝનેસ મિટિંગ માટે કોઈ દેશની સરહદ પાર કરવી હોય તો ગોલ્ડન પાસપોર્ટથી તમારું કામ આસાનીથી થઈ જાય છે. ગોલ્ડન પાસપોર્ટ એ માત્ર ઝડપી ટ્રાવેલિંગ માટેનું સાધન નથી પરંતુ તે બિઝનેસમાં પણ ખાસ ઉપયોગી છે. અત્યારે જર્મની, સ્વીડન, સ્પેન, ફ્રાન્સ, ઈટાલી જેવા યુરોપિયન દેશો બિઝનેસ માટે બહુ મહત્ત્વના છે. કેટલાકલોકપ્રિય પાસપોર્ટમાં પોર્ટુગલ પણ સામેલ છે. તેની મદદથી સમગ્ર યુરોપિયન યુનિયનના દરવાજા ખુલી જાય છે. ગ્રેનેડાના પાસપોર્ટથી અમેરિકામાં વિઝા ફ્રી એક્સેસ કરી શકાય છે. સાઈપ્રસના પાસપોર્ટથી ઈયુની સિટિઝનશિપ મેળવી શકાય છે. માલ્ટા પણ યુરોપિયન યુનિયનનો પાસપોર્ટ ઓફર કરે છે અને તેના દ્વારા કેટલાય આધુનિક દેશોમાં વિઝા-ફ્રી એક્સેસ શક્ય બને છે. જે લોકોએ ચીન સાથે બિઝનેસ કરવો છે તેમણે ડોમિનિકા અથવા ગ્રેનેડાના પાસપોર્ટ મેળવવા પ્રયાસ કરવો જોઈએ કારણ કે તેનાથી ચીનને સરળતાથી એક્સેસ કરી શકાય છે. આ ઉપરાંત મહત્ત્વના માર્કેટમાં તાત્કાલિક વિઝા ફ્રી એન્ટ્રી પણ કરી શકાય છે. આ બધા એવા દેશો છે જ્યાં વર્લ્ડવાઈડ આવક ઉપર કોઈ ટેક્સ નથી લાગતો. તેથી ગોલ્ડન પાસપોર્ટધારકો ફાયદામાં રહે છે. આ ઉપરાંત આ બધા નાના દેશોમાં કેપિટલ ગેઈન ટેક્સ, ગિફ્ટ ટેક્સ, વેલ્થ કે વારસાનો કોઈ ટેક્સ નથી. તેથી હાઈ નેટવર્થ લોકોને ટેક્સમાં ઘણી બચત થાય છે. આ ઉપરાંત નોન-રેસિડન્ટ ઉપર પણ કોઈ ટેક્સ નથી. તેના કારણે ધનાઢ્ય ભારતીયોમાં ગોલ્ડન પાસપોર્ટના આકર્ષણમાં વધારો થયો છે. જે લોકોને મિડલ ઈસ્ટ કે યુરોપમાં બિઝનેસ કરવો છે તેમણે સ્વિસ અથવા પોર્ટુગીઝ પાસપોર્ટ મેળવી લેવો જોઈએ કારણ કે તેનાથી કામ સરળ બની જાય છે. કેનેડાના પાસપોર્ટથી નોર્થ અમેરિકન બજાર ખુલી જાય છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાનો પાસપોર્ટ પણ ઉદ્યોગ જગતમાં ઘણો ઉપયોગી છે.

# નવેમ્બર મહિનામાં બેંકો ૧૫ દિવસ રહેશે બંધ

નવી દિલ્હી, તા.૨૮

ઓક્ટોબર મહિનો સમાપ્ત થવાના આરે છે. આ પછી નવેમ્બર શરૂ થશે. આવતા મહિને એટલે કે નવેમ્બર ૨૦૨૩માં ઘણા તહેવારો આવી રહ્યા છે. આવી સ્થિતિમાં બેંકોમાં બમ્પર રજાઓ મળવાની છે. રજાઓના કારણે બેંકોને લગતા ગ્રાહકોના કામ ઉપર અસર પડી શકે છે. જો તમારે પણ બેંકને લગતું કોઈ કામ કરવાનું હોય તો જલ્દીથી જલ્દી કરી લો જેથી તમને પાછળથી પસ્તાવું ન પડે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશો મુજબ, બેંકો તમામ જાહેર રજાઓ અને અમુક પ્રાદેશિક રજાઓ ઉપર ચોક્કસ રાજ્યના આધારે બંધ રહેશે. પ્રાદેશિક રજાઓ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની રજાઓની યાદી અનુસાર, આગામી મહિનામાં કુલ ૧૬ દિવસની રજાઓ હશે. જેમાં શનિવાર અને રવિવારની રજાઓનો પણ સમાવેશ થાય છે. ખરેખર, નવેમ્બર મહિનામાં ૪ રવિવાર આવે છે. આ સાથે, બીજા અને ચોથા શનિવારે બેંક રજા છે, એટલે કે આ ૬ રજાઓ સમગ્ર દેશમાં નિશ્ચિત છે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ કે આગામી મહિનામાં બેંકો ક્યારે બંધ રહેશે. બેંકો બંધ હોવા છતાં, ગ્રાહકો ઘણા પ્રકારના કાર્યો ડિજિટલ રીતે પૂર્ણ કરી શકે છે. **UPI**, મોબાઈલ બેંકિંગ, ઈન્ટરનેટ બેંકિંગ જેવી ડિજિટલ સેવાઓ ઉપર બેંક રજાઓની કોઈ અસર નથી. આવી સ્થિતિમાં, જો તમારૂર કોઈપણ કામ ડિજિટલી થઈ શકે છે, તો તેના ઉપર રજાઓની કોઈ અસર નહીં થાય. તમે તમારૂ કામ આરામથી પૂર્ણ કરી શકશો.

# સુરતનો 'વિજય માલ્યા' : બેંક સાથે ઠગાઈ, રૂા.૧૦૦ કરોડની લોન લઈ વિજય શાહ પરિવાર સાથે અમેરિકા રફુચક્કર : CBIએ તપાસ હાથ ધરી

**શું ગરીબ અને મધ્યમ વર્ગના લોકો એટલા માટે બેંકો ઉપર વિશ્વાસ કરી પોતાની મહેનતની કમાણી જમા કરાવે છે કે, આવા ઉદ્યોગપતિઓ કરોડોનો ચૂનો ચોપડી ફરાર થઈ જાય ?**

સુરત, તા.૨૮

સુરતના 'વિજય માલ્યા' વિજય શાહ અને તેની પત્ની કવિતા શાહે બેંક સાથે ઠગાઈ કરી હતી. રૂા.૧૦૦ કરોડની લોન લીધા બાદ વિજય શાહ પરિવાર સાથે અમેરિકા ફરાર થયા હોવાનો ગંભીર આરોપ છે. બેંક સાથે કરોડોની છેતરપિંડી મામલે સીબીઆઈએ તપાસ આદરી છે. સુરતમાં ૧૦૦ કરોડનું ઉઠામણું કરી છેતરપિંડી આચર્યાનો આક્ષેપ હાઈટેક સ્વીટ વોટરના ડિરેક્ટર વિજય શાહ સામે લગાવવામાં આવતા હડકંપ મચી ગયો છે. વિગતો મુજબ હાઈટેક સ્વીટ વોટરના ડિરેક્ટર વિજય શાહ અને કવિતા શાહ ઉપર રૂા.૧૦૦ કરોડના ઉઠામણાનો આક્ષેપ થતાં ચકચાર મચી ગઈ છે. આ તરફ હવે આરોપો લગાવનાર કશ્યપ ઈન્ફ્રા. પ્રાઈવેટ લિમિટેડ ડિરેક્ટર હિરેન ભાવસારનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, વિજય શાહ અને તેમની પત્નીએ બેંક ઓફ બરોડામાંથી ૧૦૦ કરોડની લોન લીધા બાદ વિજય શાહ પરિવાર સાથે અમેરિકા ભાગી ગયા છે. કશ્યપ ઈન્ફ્રા. પ્રાઈવેટ લિમિટેડ ડિરેક્ટર હિરેન ભાવસારે આરોપ મૂક્યો છે કે, હાઈટેક સ્વીટ વોટરના ડિરેક્ટર વિજય શાહે અન્ય બિઝનેસમેન સાથે પણ છેતરપિંડી કરી છે. કશ્યપ ઈન્ફ્રા. પ્રાઈવેટ લિમિટેડના બે કરોડ પણ વિજય શાહે ચૂકવ્યા નથી. તેમણે કહ્યું કે, અમારી કંપનીના બિહાર, પટણા સહિતના રાજ્યોમાં મોટા પ્રોજેક્ટ ચાલતા હતા,હાઈટેક કંપનીના નામથી બેંક ઓફ બરોડામાંથી ૧૦૦ કરોડની લોન લીધી છે. સુરતની હાઈટેક સ્વીટ વોટરના ડિરેક્ટર વિજય શાહ સામે ગંભીર આરોપો બાદ કશ્યપ ઈન્ફ્રા. પ્રાઈવેટ લિમિટેડની માંગ છે કે, વિજય શાહ સામે કાર્યવાહી કરવામાં આવે. વિજય શાહ ડાઈંગ કંપનીમાં ડિરેક્ટર હતા તે સમયે લોન લઈ ડિફોલ્ટર જાહેર થયા અને હજુ સુધી બેંકે કોઈપણ કાર્યવાહી વિજય શાહ સામે કરી ન હોવાનો પણ આરોપ લગાવવામાં આવતા હડકંપ મચી ગયો છે. હાઈટેક સ્વીટ વોટર કંપનીના ડિરેક્ટર વિજય શાહ, તેમની પત્ની કવિતા શાહ, સતિષ અગ્રવાલ અને દિલીપ ખુશાલ પટેલ વિરુદ્ધ સુરતની કશ્યપ ઈન્ફ્રા. પ્રા.લિ. નામની સોલારની કંપની પાસેથી સોલાર પ્રોજેક્ટને લગતો માલ સામાન ખરીદી રૂા.૧.૪૨ કરોડની ઠગાઈ થવા પામી છે. હાઈટેક સ્વીટ વોટર કંપનીના ડિરેક્ટર વિજય શાહ તેમની પત્ની કવિતા શાહે બેંક ઓફ બરોડાને પણ રૂા.૧૦૦ કરોડનો ચૂનો ચોપડ્યાનો આક્ષેપ કશ્યપ ઈન્ફ્રા. પ્રા.લિ.ના સંચાલક હિરેન ભાવસારે સુરતમાં એક પત્રકાર પરિષદમાં કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, હાઈટેક સ્વીટ વોટર કંપનીના ડિરેક્ટર વિજય શાહ અને તેમની પત્ની કવિતા શાહ સહિતનાઓએ વર્ષ ૨૦૧૭માં પોતાની કંપની પાસેથી સોલાર પ્રોજેક્ટને લગતો સામાન ખરીદવાની વાત કરી હતી. જેથી પોતે હાઈટેક સ્વીટ વોટર કંપનીના ડિરેક્ટર વિજય શાહ તેમની પત્ની કવિતા શાહની કંપનીના બિહાર-પટણા ખાતેના પ્રોજેક્ટ માટે ગત તા.૬ ઓકટોબરથી માલ સામાન આપવાનું શરૂ કર્યું હતું. ગત તા.૩૦ એપ્રિલ, ૨૦૧૮ સુધીમાં કુલ રૂા.૨.૭૦ કરોડનો માલ પોતે આ કંપનીને આપ્યો હતો, જેમાંથી રૂા.૧.૪૨ કરોડની અવારનવાર માગણી કરવા છતાં આ શાહ દંપતી અને તેમના મળતિયાઓ પોતાના બાકી નાણાંની ચૂકવણી કરતાં ન હતા. આ દંપતીએ બેંક ઓફ બરોડા પાસેથી રૂા.૧૦૦ કરોડ જેટલી માતબર રકમની લોન લઈને બાદમાં અમેરિકા નાસી છૂટ્યા છે. જેઓએ અમેરિકા નાસી છૂટતાં પહેલા પોતાની કંપનીના ડિરેક્ટર પદે કર્મચારી સતીષ અગ્રવાલની નિયુક્તિ કરી હતી. વિજય શાહ નામના આ ઠગે મેમણ કો.ઓ. બેંકમાંથી પણ લોન લીધા બાદ નાદારી નોંધાવી હતી. જેમની વિરૂધ્ધ અગાઉ સુરતના ઉમરા વિસ્તારમાં એક જ ફ્લેટ બે વ્યક્તિઓને વેચી દેવાની ફરિયાદ પણ નોંધાઈ ચૂકી છે, જેમાં પણ વિજય શાહની ધરપકડ થઈ ચૂકી છે. જો કે, આ મામલે સીબીઆઇ અમદાવાદ દ્વારા સુરત આર્થિક ગુના શાખામાં ફરિયાદ નોંધાવાઈ હોવાનું જાણવા મળે છે. વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.


**ફ્લેટ વેચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં ફર્નિચર સાથે 2 BHK ફ્લેટ વેંચવાનો છે. લીફટની સુવિધા સાથે

મો.૯૮૨૪૫૯૨૫૫૯


**રાજ્યમાં એક પછી એક સેવાઓ ડિઝિટલ બની રહી છે ત્યારે સરકારનો વધુ એક નિર્ણય**

# રાજ્યમાં સાર્વજનિક ટ્રસ્ટની મિલકતોના વેચાણ ભાડાપટ્ટા વગેરેની કાર્યવાહી હવેથી ઓનલાઈન

ગાંધીનગર,તા.૨૮

રાજયમાં સરકાર દ્વારા વિવિધ સેવાઓ એક પછી એક ડિઝિટલ બનાવવામાં આવી રહી છે. તેના ભાગરૂપે જ અગાઉ મહેસૂલ વિભાગની પણ વિવિધ સેવાઓ ઓનલાઈન કરાયા બાદ હવે સાર્વજનિક ટ્રસ્ટની મિલકતોના વેચાણ વગેરેની કાર્યવાહી પણ હવે ઓનલાઈન કરવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની મળેલી બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે પ્રવકતા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ની કલમ-૩૬માં સાર્વજનિક ટ્રસ્ટની કોઈપણ સ્થાવર મિલકત વેચાણ, ગીરો, વિનિયમ કે ભાડાપટ્ટે અથવા બક્ષિસથી તબદીલ કરવા અંગેની જોગવાઈમાં સુધારો કરી આ પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શક કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, અત્યાર સુધી ટ્રસ્ટની મિલકત તબદીલ કરવાની કાર્યવાહી મેન્યુઅલ રીતે કરવામાં આવતી હતી, જેના કારણે ઈજારાશાહી વધવાની શક્યતાઓ રહેતી હતી. પરંતુ આ નવા સુધારાથી હવે ટ્રસ્ટની મિલકત તબદીલ કરવાની આ કાર્યવાહી વધુ પારદર્શક પદ્ધતિથી થાય તે માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલકતનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવશે અને ટ્રસ્ટની મિલકતના વેચાણ અને ભાડાપટ્ટા અંગેની કાર્યવાહી હવેથી ઓનલાઈન ઈ-ઑક્શન પોર્ટલ મારફત હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ટ્રસ્ટની મિલકત અદલા-બદલી કરવા માટે ટ્રસ્ટો દ્વારા અદલા-બદલી કરવા ધારેલી બંને મિલકતની કિંમતની સરખામણી કરી, ખૂટતી રકમ સરભર કર્યેથી જ અદલા-બદલીની મંજૂરી આપવામાં આવશે. અત્યાર સુધી ટ્રસ્ટની મિલકત વેચાણ અને ભાડાપટ્ટા અંગેની કાર્યવાહી હાથ ધરતાં પહેલાં મિલકતની અપસેટ વેલ્યુ નક્કી કરવા માટે જંત્રી, ગવર્મેન્ટ એપ્રૂવડ વેલ્યુઅરનો રિપોર્ટ તેમજ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળનો અંદાજિત વેચાણ કિંમતનો ઠરાવ ધ્યાને લઈ અપસેટ વેલ્યુ નિયત કરવામાં આવતી હતી. આ પ્રક્રિયામાં પણ સુધારો કરવામાં આવ્યો છે. હવેથી ટ્રસ્ટની કોઈપણ મિલકતની અપસેટ વેલ્યુ નક્કી કરવા માટે સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ઠરાવવામાં આવેલ "જિલ્લા કક્ષાની વેલ્યુએશન સમિતિ" દ્વારા મિલકતની કિંમત નિયત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમિતિમાં જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારી સંબંધિત પ્રવર નગર નિયોજક, નગર આયોજક અને મૂલ્યાંકન ખાતું સભ્ય તરીકે હશે. ટ્રસ્ટની કોઈપણ મિલકતની કોઈપણ પ્રકારે એટલે કે વેચાણ, ગીરો, વિનીયમ ભાડાપટ્ટે અથવા બક્ષિસના પ્રસંગે જિલ્લા કક્ષાની વેલ્યુએશન સમિતિના મિલકતની કિંમત અંગેનો રિપોર્ટ ફરજિયાત મેળવવાનો રહેશે. આ ઓનલાઈન કાર્યવાહી હાથ ધરવાની પ્રક્રિયાથી સાર્વજનિક ટ્રસ્ટોને વધુમાં વધુ લાભ થાય તે રાજ્ય સરકારનો હેતુ છે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.


# RTIમાં અરજી કરો પણ કોઈ જવાબ આવશે ખરો? સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશન 'નિષ્ક્રિય મોડ'માં છે



નવી દિલ્હી તા.૨૮

સપ્ટેમ્બર ૨૦૨૩માં, એક મોટરસાઈકલની ચોરીના કેસમાં કર્ણાટક પોલીસ દ્વારા ૧૦ દિવસની પૂછપરછ પછી પોલીસ દ્વારા મુક્ત કર્યાના ચોવીસ કલાક પછી, આંધ્રપ્રદેશમાં ૨૪ વર્ષીય ગ્રામીણ મુનિરાજુનું મૃત્યુ થયું હતું. કર્ણાટક પોલીસે ધરપકડની વિગતો તેમની વેબસાઈટ પર પ્રકાશિત કરી ન હતી, જે કાયદા અનુસાર જરૂરી છે; જ્યારે એક સંબંધિત નાગરિકે પોલીસ સ્ટેશનના સીસીટીવી ફૂટેજની માંગણી કરી, ત્યારે કોલાર જિલ્લાના નાંગાલી પોલીસ સ્ટેશનના જાહેર માહિતી અધિકારી (પીઆઈઓ) દ્વારા તે વિનંતી રદ કરવામાં આવી હતી. **PIO**એ પહેલા તો ગોપનીયતાની ચિંતાઓ દર્શાવીને ફૂટેજ માટેની વિનંતીને નકારી કાઢી હતી અને દાવો કર્યો હતો કે કેમેરા કામ કરી રહ્યા નથી. કર્ણાટક માહિતી આયોગે **PIO** ઉપર ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ લાદ્યો હતો, જે તેના પગારમાંથી કાપવામાં આવશે; તમામ પોલીસ સ્ટેશનોમાં કાર્યરત સીસીટીવી કેમેરા અંગે સુપ્રીમ કોર્ટના ડિસેમ્બર ૨૦૨૦ના ચુકાદાના પાલન અંગેનો અહેવાલ રજૂ કરવા પણ આદેશ આપવામાં આવ્યા હતા. સત્તાનો દુરૂપયોગ અટકાવવા અને દુરૂપયોગ થાયર ત્યારે ન્યાય સુનિશ્ચિત કરવાનો સામાન્ય રીતે ખાતરીપૂર્વકનો ઉકેલ સત્તાધિકારીઓની ક્રિયાઓમાં પારદર્શિતા છે. મુનિરાજુના કિસ્સામાં, તેમણે જીવન ગુમાવ્યું છે તે પાછું મેળવી શકાતું નથી; હકીકત એ છે કે આ એક કસ્ટોડિયલ હત્યા હતી. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ માહિતીનો અધિકાર કાયદો બન્યાને ૧૮ વર્ષ પૂર્ણ થયા છે. માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ સ્થપાયેલા માહિતી આયોગ સમક્ષ ત્રણ લાખથી વધુ અપીલો અને ફરિયાદો પડતર છે. **RTI**ના ૧૮ વર્ષની ઉજવણી કરતી પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો તરફથી એક રિલીઝમાં નોંધવામાં આવ્યું હતું કે ૩.૫ લાખથી વધુ બીજી અપીલો અને ફરિયાદો આ વર્ષોમાં સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશન (**CIC**) દ્વારા નિકાલ કરવામાં આવ્યો હતો. છેલ્લા મુખ્ય માહિતી કમિશનર વાય.કે. સિંહા હતા, જેમનો કાર્યકાળ ૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સમાપ્ત થયો હતો. **CIC**માં ઓછામાં ઓછા ૧૦ માહિતી કમિશનર હોવા જોઈએ; હાલમાં માત્ર ચાર છે. આ ચારની મુદત પણ નવેમ્બરમાં સમાપ્ત થશે તો શું **CIC**એ પછી લોકડાઉન મોડમાં જશે ? કાર્યકર્તા કોમોડોર લોકેશ બત્રા કહે છે કેઃ અદાલતોથી વિપરીત જ્યાં કાર્યકારી મુખ્ય ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવે છે, પણ આરટીઆઈ કાયદો આવી નિમણૂકો માટે જોગવાઈ કરતું નથી. પણ ત્યાં કોઈ 'કાર્યકારી મુખ્ય માહિતી કમિશનર' નથી. આ ખાલી જગ્યાનો અર્થ એ છે કે ઘણા વહીવટી અને નાણાકીય નિર્ણયો પેન્ડિંગ રહે છે. ઓક્ટોબર ૬, ૨૦૨૩ના રોજ, કોમોડોર બત્રાની અરજીના જવાબમાં, કર્મચારી અને તાલીમ વિભાગે મુખ્ય માહિતી કમિશ્નરના પદ માટે અરજી કરનારા ૮૦ લોકોના નામોની સૂચિ બહાર પાડી, જેમાંથી ચારને "મોડી અરજીઓ" તરીકે ચિહ્નિત કરવામાં આવી હતી. આ પદ માટે અરજીઓ માટે એક જાહેરાત ઓગસ્ટ ૭ના રોજ જારી કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૨માં, **CIC** ખાતે માહિતી કમિશનરની ખાલી જગ્યાઓ ભરવા માટે એક જાહેરાત જારી કરવામાં આવી હતી. તે જાહેરાતના જવાબમાં ૨૫૬ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. તેમ છતાં, સરકાર ખાલી જગ્યાઓ ભરવાની ઉતાવળમાં દેખાતી નથી. નાગરિકોના જૂથ, સતર્ક નાગરિક સંગઠને સમગ્ર દેશમાં માહિતી કમિશનના રિપોર્ટ કાર્ડનું સંકલન કર્યું અને નોંધ્યું કે ૩,૨૧,૫૩૭ અપીલ અને ફરિયાદો પેન્ડિંગ છે, અને બેકલોગ સતત વધી રહ્યો છે. ચાર માહિતી કમિશન ઝારખંડ, તેલંગાણા, મિઝોરમ અને ત્રિપુરા હવે નિષ્ક્રિય થઈ ગયા છે, કારણ કે પદ છોડ્યા પછી કોઈ નવા માહિતી કમિશ્નરની નિમણૂક કરવામાં આવી ન હતી. કેન્દ્રીય માહિતી આયોગ સહિત છ માહિતી આયોગમાં હાલમાં કોઈ વડા નથી. દેશભરના ૨૮ માહિતી કમિશન માટે સંબંધિત માહિતી ઉપલબ્ધ અંગે નાગરિકોના જૂથે રિપોર્ટમાં તેનું વિશ્લેષણ કર્યું હતું. સરેરાશ માસિક નિકાલ દર અને પેન્ડન્સી અંગે પશ્ચિમ બંગાળ રાજ્ય માહિતી આયોગને કોઈ બાબતનો નિકાલ કરવામાં ૨૪ વર્ષનો સમય લાગશે, જ્યારે ૧૦ માહિતી આયોગને એક વર્ષ કે તેથી વધુ સમય લાગશે.

# રાજ્યના અમદાવાદ-સુરત-વડોદરામાં સિટી ડેવલપમેન્ટ હેઠળ 'કોમર્શિયલ પ્રોજેક્ટ સહિતના વિવિધ પ્રોજેક્ટ્સ માટે રૂા.૭૪૬૦ કરોડના MoU



ગાંધીનગર, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આગામી જાન્યુઆરી ૨૦૨૪માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી સીરીઝનાં પ્રારંભ પૂર્વે જ વિવિધ ઉદ્યોગ જૂથો સાથે **MoU**નો ઉપક્રમ વેગવંતો બન્યો છે. પ્રતિ સપ્તાહ આવા **MoU** વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિલસિલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં 39 **MoU** રૂા. ૧૮,૪૮૬ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છે. આ શૃંખલામાં આગળ વધતા રાજયમાં સ્માર્ટ એન્ડ સસ્ટેઈનેબલ સિટી ડેવલપમેન્ટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગે પણ વાઈબ્રન્ટ સમિટ પૂર્વાર્ધ રૂપે રિયલ એસ્ટેટ ડેવલપર્સ સાથે મહત્વપૂર્ણ **MoU** આ સપ્તાહે કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ૮ જેટલા ડેવલપર્સ દ્વારા રાજયના અમદાવાદ, વડોદરા અને સુરત મહાનગરમાં કોમર્શિયલ પ્રોજેકટસ, કોમર્શિયલ એન્ડ રેસીડેન્સીયલ પ્રોજેક્ટસ માટે કુલ રૂા. ૭૪૫૯.૬૮ કરોડના **MoU** શહેરી વિકાસ વિભાગ સાથે કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટસનું ઝડપથી શરૂ થઈ સંભવત ૨૦૨૬થી ૨૦૨૮ સુધીમાં તેની કામગીરી પૂર્ણ કરશે એટલું જ નહિ તેમાં અંદાજે ૪,૭૫૦ જેટલા લોકોને રોજગાર અવસર મળવાની સંભાવના છે. રાજયના મહાનગરોમાં વર્લ્ડક્લાસ સુવિધાઓ વિકસે તથા અન્ય કોમર્શિયલ અને રેસીડેન્સીયલ ફેસેલીટીઝ પણ સમયની માંગ અનુરૂપ અદ્યતન બને તેવી અપેક્ષાની આપૂર્તિ માટે મ્યુનિસિપલ સંસ્થાઓ અને રિયલ એસ્ટેટ ડેવલપર્સ વચ્ચે થયેલા આ **MoU** નિર્ણાયક બની રહેશે. તદઅનુસાર, મોટી ઈમારતો અને લાર્જ સ્કેલ હાઉસીંગ પ્રોજેક્ટસના નિર્માણ ક્ષેત્રે અનુભવી ડેવલપર્સ અને બાંધકામ ઉદ્યોગની તજજ્ઞતાનો લાભ રાજ્ય સરકારને મળશે. સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, હાઉસીંગ સેક્ટર સહિતના સસ્ટેઈનેબલ અર્બન ડેવલપમેન્ટથી મોટા પાયે રોજગારીનું સર્જન પણ આવા પ્રોજેક્ટસ કાર્યરત થતાં થઈ શકશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્યના પાંચ મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરમાં સ્કાયરાઈઝ બિલ્ડીંગ્સ, ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી ઈમારતોના નિર્માણ માટે બાંધકામ નિયમોમાં ૨૦૨૦માં વિશેષ જોગવાઈઓ દાખલ કરેલી છે. આના પરિણામ રૂપે આ મહાનગરોમાં જમીનોના મહત્તમ ઉપયોગ સાથે સંપૂર્ણ કોર્પોરેટ બિલ્ડિંગ્સ અને ઉંચા કોમર્શિયલ પ્રોજેક્ટસ શરૂ થવા જઈ રહ્યા છે. આ સંદર્ભમાં જે **MoU** થયા છે તેમાં, અમદાવાદ મહાનગરમાં ૪ પ્રોજેક્ટસમાં રૂા. ૬,૬૦૧ કરોડના સંભવિત રોકાણો આવશે. એટલું જ નહીં, સુરતમાં રૂા. ૪૫૦ કરોડના અને વડોદરામાં રૂા. ૪૧૦ કરોડના રોકાણો માટેના **MoU** કરવામાં આવ્યા છે. આ **MoU** સાઈનીંગ અવસરે ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુત, મુખ્ય સચિવ રાજકુમાર તથા ઉદ્યોગ અને શહેરી વિકાસ સહિતના વિભાગોના વરિષ્ઠ સચિવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની થશે ભાવભેર ઉજવણી

જૂનાગઢ તા. ૨૮

રાષ્ટ્રના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી રૂપે તા.૩૧-૧૦-૨૩ ને મંગળવારે સવારે ૯-૩૦ કલાકે સરદાર ચોક, જીમખાના પાસે તથા સવારે ૧૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા, પાદર ચોક, જોષીપરા ખાતે મેયર ગીતાબેન મોહનભાઈ પરમારના વરદ્‌હસ્તે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરની આટી પહેરાવવાનો કાર્યક્રમ તથા જોષીપરા ખાતે પુષ્પાંજલિ અર્પણનો કાર્યક્રમ રાખેલ હોય, જેમાં સર્વે શહેરીજનોને જોડાવા મેયર ગીતાબેન પરમાર દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# ચોમાસું અલવિદા થતા ગીર સોમનાથ જીલ્લાના ડેમના દરવાજા બંધ કરાયા

વેરાવળ તા. ૨૮

ચોમાસાએ વિદાય લેતા ગીર સોમનાથ જીલ્લાના વરસાદી ડેમોના દરવાજાઓ હવે બંધ કરવામાં આવ્યા છે. હિરણ-૨ સિંચાઈ યોજનાના અધિકારી નરેન્દ્ર પીઠીયાએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષાઋતુ દરમ્યાન ડેમ ઉપર ૧૧૨૮ એમએમ વરસાદ પડેલ છે તેમજ હાલ ડેમનું લેવલ ૭૧.૨૬ મીટર તેની પુર્ણ સપાટીએ ભરાયેલ છે. તેમજ સિઝનનો કુલ પસાર થયેલો જથ્થો ૪૪૪.૯૧૧ એમસીયુએમ છે. ડેમમાં હાલમાં પાણીનો જથ્થો ૩૮.૫૮૧ એમસીયુએમ એટલે કે ૧૦૦ ટકા ભરાયેલ છે અને ગત તા.૧૯-૧૦-૨૩ ના રોજ ડેમનો એક દરવાજો ૦.૦૨ મી. ખુલ્લો હતો તે ગઈકાલે સંપુર્ણ બંધ કરી દેવાયેલ છે.

રાવલ ડેમ જે ઉના પાસે આવેલ છે તેના તમામ ૬ દરવાજા બંધ કરવામાં આવેલ છે અને ૧૦૦ ટકા જળસંગ્રહ આ ડેમમાં છે. સિઝન દરમ્યાન કુલ ૮૧.૬૧૯૨ એમસીકયુ પાણી ફલો થયું અને હાલ લેવલ ૧૪૮.૮૫૫ મીટર છે. જેની ઉંડાઈ ૧૯ મીટર છે અને જીવંત જથ્થો ૨૪.૦૦૫૫ એમકયુએમ છે અને ૧૦૦ ટકા ભરાયેલ છે.

ઉના પાસેનો મચ્છુંન્દ્રી ડેમ પણ ૧૦૦ ટકા ભરાયેલ છે. જેમાં જીવંત પાણીનો જથ્થો ૨૬.૭૦૨૯ એમકયુએમ છે. હિરણ-૧ ડેમ જ સાસણ જંગલ વિસ્તારમાં આવેલ છે તે પણ ૧૦૦ ટકા ભરાયેલ છે જેને દરવાજા નથી. જેનો જીવંત જથ્થો ૧૯.૬૩૯ એમકયુએમ અને કુલ જથ્થો ૨૦.૨૨૬ છે. અનો સિઝનમાં ૪૩.૪૯૭ એમસીએમ પાણી વહી ગયું છે. કોડીનાર પાસે આવેલ સીંગવડા ડેમના ૬ દરવાજા પણ હવે સિઝન પુર્ણ થતા બંધ કરાયા છે.

# ગીરગઢડા પાસે કાર પલ્ટી મારી જતા એકનું મૃત્યુ, ત્રણને ઈજા

(પ્રતિનિધી દ્વારા)

ઉના તા. ૨૮

ઉનાના ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામેથી બેડીયા ગામે જતા રોડ ઉપર રાજકોટના રહેવાસી દિલીપભાઈ સદરૂદીનભાઈ થોભાણી તેમની સાથે રૂબિનાબેન દિલીપભાઈ થોભાણી, અનીશભાઈ બદરૂદીનભાઈ થોબાણી રે.રાજકોટ વાળા દીવથી રાજકોટ તેમની મોટર કાર નંબર જીજે-૩-એમએલ-૯૧૮૭માં જતા હતા ત્યારે અચાનક મોટર કારના ડ્રાઈવર મુબારક અલી મુસ્તાક અલી ગુર્જ્જર રે.રાજકોટએ મોટર કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવીને સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા મોટર કાર રોડ ઉપરથી નીચે ઉતરી પલ્ટી ખાઈ ગઈ હતી. જેમાં બેસેલા ઉપરોકત મુસાફરોને ઈજા થયેલ હતી. આ બનાવની જાણ થતા આજુબાજુના લોકો આવી જતા ઈજા પામનારને કારમાંથી બહાર કાઢેલ જેમાં રૂબિનાબેન દિલીપભાઈ થોભાણીને હાથમાં અને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને સ્થળ પર મૃત્યુ પામ્યા હતા. અને અન્ય ત્રણ દિલીપભાઈને ગંભીર ઈજાઓ થયેલ હતી અને અનીશભાઈને અને ચાલક મુબારકઅલી મુસ્તાકઅલીને ઈજાઓ પહોંચતા ઉના હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. આ બનાવ અંગે ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં અનીશભાઈ બદરૂદીનભાઈએ મોટર કાર ચાલક મુબારકઅલી મુસ્તાકઅલી સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ઉના: ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

(પ્રતિનિધી દ્વારા)

ઉના તા. ૨૮

ઉના પોલીસ સ્ટેશન મા ૨૦૨૧માં કોડીનાર તાલુકાના ઘાટવડ ગામનો જેશિંગ દિલીપભાઈ ચોહાણ મારવાડી નટ (ઉ.વ. ૩૦) ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ હતો અને તેની ઉપર ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૯માં આણંદ જિલ્લાનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૬ જેટલા ઘરફોડ ચોરીના ગુનાઓ નોંધાયા હતા. જે નાસતો ફરતો હોય અને તે ઉના પંથકમાં આવેલ હોવાની બાતમી મળતા ગીર સોમનાથ જિલ્લાની એસ.ઓ.જી. બ્રાન્ચના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જાડેજાની સૂચનાથી એ.એસ.આઈ સુભાષભાઈ ચાવડા, ઈબ્રાહિમશા બાનવા, પોલીસ હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ દોસ્તમહંમદ મકરાણીએ પેટ્રોલિંગ દરમ્યાન ઉના-ભાવનગર રોડ ઉપર આવેલ રોકડીયા હનુમાન મંદિર પાસે એક શંકાસ્પદ શખ્સની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ જેશીંગ દિલીપભાઈ ચૌહાણ રે. ઘાટવડ જણાવતા તેને તુરંત પકડી ઉના પોલીસને સોંપેલ હતો.

# ખંભાળિયામાં આશાપુરા માતાજીના મંદિરના નિર્માણ માટે રૂપિયા પાંચ લાખનું અનુદાન



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિજયા દસમી નિમિત્તે ક્ષત્રિય સમાજ દ્વારા રેલી તથા પૂજન અર્ચનના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ખંભાળિયાના પાદરમાં ખામનાથ મહાદેવના મંદિર નજીક આવેલા આશાપુરા માતાજીના મંદિર ખાતે રાજપૂત સમાજના આગેવાનો, કાર્યકરો યુવાનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે સમગ્ર હાલાર પંથકના રાજપૂત સમાજના પ્રમુખ પી.એસ. જાડેજાના વરદ હસ્તે પૂજન કરવામાં આવ્યું હતું. આ સ્થળે આગામી સમયમાં આશાપુરા માતાજીના ભવ્ય મંદિરનું નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ મંદિર માટે પી.એસ. જાડેજા દ્વારા રૂપિયા પાંચ લાખના અનુદાનની જાહેરાત પણ કરવામાં આવી હતી. અહીં પી.એસ. જાડેજાનું ફૂલહાર તથા માતાજીની છબી વડે સન્માન કરવામાં આવ્યું હતું.

# ગ્રાહકોની ફરિયાદોનું ૩૦ દિવસમાં સમાધાન જરૂરી, નહીં તો દરરોજના ૧૦૦ રૂપિયા દંડ

નવી દિલ્હી, તા.૨૮

ભારતીય રીઝર્વ બેન્કે ધિરાણકર્તાઓ, નાણાકીય સંસ્થાઓ અને ક્રેડિટ બ્યુરોને કહ્યું છે કે તેમને ગ્રાહકોની ફરિયાદોનું ૩૦ દિવસની અંદર સમાધાન લાવવું પડશે. જો આમ નહિ કરવામાં આવે તો રોજ ૧૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. આરબીઆઈ ક્રેડિટ ઈન્સ્ટિટ્યૂશન્સ (સીઆઈ) અને ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીને (સી આઈસી) ક્રેડિટ ઈન્ફોર્મેશન અપડેટ અને કરેક્શન માટે વળતર ફ્રેમવર્ક અજુ કરવા નિર્દેશ આપ્યા છે. આરબી આઈએ તેને ૬ મહિનામાં તૈયાર કરવા કહ્યું છે. સીઆઈએ ૨૧ દિવસની અંદર સીઆઈસીઅપડેટ કરેલી ક્રેડિટ ઈન્ફોર્મેશન સબમિટ કરી હોય તો પણ ૩૦ દિવસમાં ફરિયાદનું નિરાકરણ ન લાવતા દરરોજના ૧૦૦ રૂપિયાનો દંડ ચૂકવવો પડશે. સીઆઈસી ઉધાર લેનારાઓ, કોર્પોરેટ અને નાના વ્યવસાયોની ક્રેડિટ માહિતી સાચવી રાખે છે અને બેંકો તેને લોન આપતા સમયે અથવા જ્યારે જરૂર પડે ત્યારે ઍક્સેસ કરી શકે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને સીઆઈસી તરફથી લોન લેનારાઓની સ્થિતિ અપડેટ ન કરવા અંગે ઘણી ફરિયાદો મળી હતી. આ પછી આરબીઆઈએ વળતરનું સ્ટ્રક્ચર તૈયાર કરવાનું કહ્યું છે. ગ્રાહકોએ ફરિયાદ કરી હતી કે ડિફોલ્ટ સ્થિતિમાં સુધારો કર્યા પછી પણ, સીઆઈસીએ સમયસર માહિતી અપડેટ કરી નથી, જેના કારણે ઘણા ગ્રાહકોને લોન અથવા ક્રેડિટ કાર્ડ મળી શક્યા નથી. આરબીઆઈએ કહ્યું છે કે સીઆઈસીએ વર્ષમાં એકવાર ક્રેડિટ સ્કોર સહિત ફ્રી ક્રેડિટ રિપોર્ટની ઍક્સેસ આપવી જોઈએ. ઉપરાંત, ક્રેડિટ સંબંધિત માહિતી ઈમેલ અને મેસેજ દ્વારા પણ આપવી જોઈએ, જેથી ક્રેડિટની માહિતી સરળતાથી મળી શકે. જૂન મહિનામાં આરબીઆઈએ ધિરાણકર્તાઓ તરફથી ફરિયાદો મળ્યાના ૩૦ દિવસની અંદર ખોટો, અધૂરો ડેટા આપવા અને ક્રેડિટ માહિતી અપડેટ ન કરવા બદલ ચાર સીઆઈસીપર ૧.૦૧ કરોડ રૂપિયાનો દંડ લગાવ્યો હતો. ટ્રાન્સયુનિયન સિબિલ લિમિટેડ પર રૂા. ૨૬ લાખ, એક્સપિરિયન ક્રેડિટ ઈન્ફર્મેશન કંપની ઓફ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને ઈક્વિફેક્સ ક્રેડિટ ઈન્ફર્મેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ પર રૂા. ૨૪.૭૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. બીજી તરફ, આરબી આઈએ સીઆર આઈ એફ હાઈ માર્ક ક્રેડિટ ઈન્ફોર્મેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ પર ૨૫.૭૫ લાખ રૂપિયાનો દંડ પણ લગાવ્યો હતો.

# ભારત મોબાઈલ ફોનમાં ઈમ્પોર્ટર હતુંઆજે એક્સપોર્ટર બની ગયું : મોદી

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હીમાં વડાપ્રધાન મોદી એ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના ૭મા સંસ્કરણ દરમિયાન દેશભરની પસંદગીની સંસ્થાનોમાં ૧૦૦ નવી ૫જીલેબનું ઉદઘાટન કર્યું. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે આવનારું ભવિષ્ય એકદમ અલગ હશે. દેશમાં ૫જીનું વિસ્તરણ થઈ રહ્યું છે. મોબાઈલ બ્રોડબેન્ડ સ્પીડમાં આપણે નંબર ૪૩ પર છીએ. ૪જીનું પણ શ્રેષ્ઠ રીતે વિસ્તરણ થયું હતું અને હવે આપણે ૬જીતરફ લીડર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. સાથે જ પીએમ મોદીએ આ દરમિયાન કોંગ્રેસ પર કટાક્ષ કરતાં કહ્યું કે જૂની સરકાર એક સમયે હેંગ મોડમાં જતી રહી હતી... ત્યારે લોકોએ તેને બદલી. આ કાર્યક્રમમાં મુકેશ અંબાણી અને આદિત્ય બિરલા પણ હાજર હતા. કોંગ્રેસ પર કટાક્ષ કરતાં પીએમ મોદીએ કહ્યું કે આપણે દુનિયાની ટોચની ૩ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાંથી એક બન્યા છે. યુનિકોર્નના ક્ષેત્રમાં સેન્ચુરી ફટકારી છે. ૨૦૧૪માં આપણી પાસે... જાણો છો ને કેમ કહી રહ્યો છો? આ તારીખ નહીં પણ પરિવર્તન છે.



૨૦૧૪ પહેલા ભારત પાસે ૧૦૦ સ્ટાર્ટઅપથી હવે તે ૧ લાખને વટાવી ગયો છે. જો તમે ૧૦-૧૨ વર્ષ જૂના સમય વિશે વિચારશો તો યાદ આવશે કે ત્યારે આઉટડેટેડ મોબાઈલ ફોનની સ્ક્રિન વારંવાર હેંગ થઈ જતી હતી. આવી જ સ્થિતિ તે દેશની વર્તમાન સરકારની પણ જોવા મળતી હતી. તે હેંગ મોડમાં હતી. એવામાં ૨૦૧૪માં લોકોએ તેને છોડી દીધી અને અમને સેવાની તક આપી. આ પરિવર્તનથી શું થયું તે અમારે કહેવાની જરૂર નથી. પહેલાં આપણે મોબાઈલ ફોનમાં ઈમ્પોર્ટર હતા, આજે આપણે એક્સપોર્ટર બની ગયા છે.

# વેરાવળના રઘુવંશી યુવાને તલાટી મંત્રીની પરીક્ષા પાસ કરતા તાલુકાના સવની ગામે થયેલ નિમણુંક



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

વેરાવળ લોહાણા સમાજના અગ્રણી એડવોકેટ સપનાબેન શિગાળા તથા પીપલ્સ બેંકના મેનેજર નરેન્દ્રભાઈ શીંગાળાના પુત્ર શિવાંગે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ તલાટી મંત્રીની પરીક્ષા ઉત્કૃષ્ટ પરીણામ સાથે કરી હતી. જેથી શિવાંગની પાસ રાજ્ય સરકાર દ્વારા વેરાવળ તાલુકાના સવની ગામના તલાટી મંત્રી તરીકે નિમણુંક કરેલ છે. રઘુવંશી તેજસ્વી તારલાને સમાજ-પરીવારનું ગૌરવ વધારવા બદલ વેરાવળ લોહાણા સમાજના પ્રમુખ વિક્રમભાઈ તન્ના, ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયાએ અભીનંદન પાઠવેલ છે.

# એશિયન પેરા ગેમ્સમાં ભારતે વધુ એક ગોલ્ડ જીત્યો



નવી દિલ્હી, તા.૨૮

ભારતીય પેરા-શટલર તુલાસિમાથી મુરુગેસને ચીનના હાંગઝોઉમાં ચાલી રહેલી એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩માં દેશનો ૨૨મો ગોલ્ડ મેડલ જીત્યો. મહિલા SU5 કેટેગરીની રોમાંચક ફાઈનલ મેચમાં, તેણીને ઘરઆંગણે મનપસંદ ચીનની યાંગ ક્વિક્સિયા સામે સખત સ્પર્ધાનો સામનો કરવો પડ્યો પરંતુ ૨૧-૧૯, ૨૧-૧૯ના સ્કોરલાઈન સાથે વિજયી બની. એશિયન પેરા ગેમ્સના ભવ્ય મંચ પર તુલાસીમાથીના પ્રદર્શને તેણીની સ્થિતિસ્થાપકતા અને પ્રતિભાનું પ્રદર્શન કર્યું, શટલર તુલાસિમાથી મુરુગેસને મહિલાઓની SU5 કેટેગરીમાં જીત સાથે ભારતનો ૨૨મો ગોલ્ડ જીત્યો, તેણીને સારી રીતે લાયક માન્યતા અને પ્રશંસા મળી તેણીને સારી રીતે લાયક માન્યતા અને પ્રશંસા મળી. આજે અગાઉ, પેરા-શટલર પ્રમોદ ભગતે એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩માં પુરુષોની SL3 કેટેગરીમાં દેશબંધુ નીતિશ કુમારને ૨૨-૨૦, ૧૮-૨૧, ૨૧-૧૯થી હરાવીને ભારતનો ૨૧મો સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. પેરા એથ્લેટ રમણ શર્માએ પણ નવો એશિયન અને ગેમ્સ રેકોર્ડ બનાવ્યો કારણ કે તેણે પુરુષોની ૧૫૦૦ મીટર T38 સ્પર્ધામાં ૪:૨૦.૮૦ મિનિટના નોંધપાત્ર સમય સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. દરમિયાન, તીરંદાજ શીતલ દેવીએ તેની જીતનો સિલસિલો ચાલુ રાખ્યો હતો, તેણે મહિલા વ્યક્તિગત કમ્પાઉન્ડ ઓપન ઈવેન્ટમાં સિંગાપોરની અલીમ નુર સ્યાહિદાહને ૧૪૪-૧૪૨ના સ્કોર સાથે હરાવીને રમતગમતની સ્પર્ધામાં તેણીનો ત્રીજો સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. ગુરુવારે, ભારતીય પેરા-એથ્લેટ્સે એશિયન પેરા ગેમ્સમાં તેમના અગાઉના રેકોર્ડને વટાવીને, ૨૦૨૩ ની આવૃત્તિમાં ૮૦ થી વધુ મેડલ મેળવીને ઐતિહાસિક સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું. આ અદ્ભુત સિદ્ધિએ રાષ્ટ્રની ૨૦૧૮ની મેડલ સંખ્યા ૭૨ને વટાવી દીધી, જે ચીનના હાંગઝોઉમાં યોજાયેલી પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં ભારતના મજબૂત પ્રદર્શનને દર્શાવે છે.

# ભારત સરકારે કેટલાક કેનેડિયન નાગરિકો માટે વિઝા સેવા ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો

નવીદિલ્હી, તા.૨૮

ભારત સરકારે કેટલાક કેનેડિયન નાગરિકો માટે વિઝા સેવા ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. જો કે, આ વિઝા સેવા ભારત સરકારે નક્કી કરેલ ફક્ત ચાર કેટેગરીમાં જે કેનેડાના નાગરિકનો સમાવેશ થતો હશે તેમને જ વિઝા આપવામાં આવશે. શરૂઆતના તબક્કામાં એન્ટ્રી, બિઝનેસ, મેડિકલ અને કોન્ફરન્સ માટેના વિઝા આપવાની શરૂઆત ભારત સરકારે કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રૂડોએ, ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યામાં ભારત સંડોવાયેલું હોવાનું જાહેર નિવેદન કર્યું હતું.. આ નિવેદનના પગલે, ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી



સંબંધોમાં ભારે તણાવ આવ્યો હતો. આ તણાવને કારણે ભારતે કેનેડાના નાગરિકોને વિઝા આપવાનું બંધ કરી દીધુ હતું.કેનેડા સ્થિત ભારતીય હાઈ કમિશને, આજે બુધવારે જાહેર કરેલ એક નિવેદનમાં જણાવ્યું છે કે, 'સુરક્ષા સ્થિતિની સમીક્ષા કર્યા પછી, આ સંબંધમાં કેનેડા સરકારના કેટલાક તાજેતરના પગલાંને ધ્યાનમાં લેતા, ભારત સરકાર દ્વારા વિઝા સેવાઓ ફરીથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.' અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત તરફથી વીઝા સેવાઓ ફરી શરૂ કરવાની પ્રક્રિયા, આવતીકાલ ગુરુવાર એટલે કે ૨૬ ઓક્ટોબરથી અમલમાં આવશે.. ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે ગત રવિવારે ભારતમાંથી કેનેડાના હાંકી કઢાયેલા રાજદ્વારીઓ અંગે પહેલીવાર પ્રતિક્રિયા આપી હતી. આ સમયે તેમણે કહ્યું હતું કે, કેનેડા સરકાર દ્વારા ભારતીય રાજદ્વારીઓને વિયેના કન્વેન્શન મુજબ કેનેડામાં સુરક્ષા આપવામાં આવે તો ભારત સરકાર કેનેડાના નાગરિકોને 'વિઝા આપવાનું ફરી શરૂ કરવા'નું વિચારશે. એસ જયશંકરે તે સમયે એમ પણ કહ્યું હતું કે, ભારત સરકારે, કેનેડાના નાગરિકોને વિઝા આપવાનું બંધ કરી દીધું છે કારણ કે, કેનેડામાં અમારા રાજદ્વારીઓ માટે વિઝા આપવાનુ કામ કરવું સુરક્ષિત જણાયું નથી. જો સુરક્ષાના સ્થિતિ સુધરશે તો ભારત સરકાર તે અંગે હકારાત્મક વિચારણા કરશે.

# દત્ત શિખર ઉપર હુમલા મામલે બે મહિલા સહિત સાત સામે ગુનો દાખલ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

ગિરનાર ઉપર દત્ત શિખર ઉપર ભગવાન દત્તાત્રેયની મૂર્તિ અને ચરણપાદુકાને ખંડીત કરવાના પ્રયાસના બનાવના ઘેરાપ્રત્યાઘાતો પડયા હતા અને સંતો તેમજ દત્ત ભગવાનના સેવકગણ સહિત સનાતનીઓ દ્વારા આ બનાવને સખ્ત શબ્દોમાં વખોડી કાઢયો હતો. એટલું જ નહી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી અને એફઆઈઆર દાખલ કરવા પણ માંગણી કરાઈ હતી. દરમ્યાન ગઈકાલે મોડી સાંજે પોલીસે મહારાષ્ટ્રના બે મહિલા સહિત સાત વ્યકિત સામે ભવનાથ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવેલ છે અને આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરવામાં આવેલ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, ગુરૂ દત્તાત્રેય, ગિરનાર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી કૈલાશભાઈ પુરોહિતે ભવનાથ પોલીસ સ્ટેશનમાં ગત તા.૧ ઓકટોબરના રોજ લેખિતમાં અરજી આપી હતી. જેમાં જણાવ્યું હતું કે, ગુરૂ દત્તાત્રેય શિખર ઉપરથી પૂજારી દિપક બાપુ(રહે.કમંડળ કુંડ ગિરનાર પર્વત)નો ફોન આવ્યો હતો તેમણે જણાવ્યું કે, ગિરનાર પર્વત ઉપર આવેલ ગુરૂદત્તાત્રેય શિખર ઉપર આશરે ૨૦૦ થી ૨૫૦ જેટલા દિગંબર જૈન લોકોનો સંઘ આવેલો હતો. આ સંઘ દ્વારા ગુરૂદત્તાત્રેય શિખર ઉપર નામદાર કોર્ટનો મનાય હુકમ હોવા છતાં ઉશ્કેરણી જનક સુત્રોચાર કરતા હોય તેમજ પૂજારી દિપકબાપુ સાથે દુર વ્યવહાર કરવામાં આવેલ તથા ભગવાન દત્તાત્રેયની મૂર્તિ ઉપર વસ્તુઓના ઘા કરી મૂર્તિ તોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેમજ દત્તાત્રેય ભગવાનની ચરણ પાદુકા પાસે રહેલ ખુરશીનો ઘા કરી ચરણ પાદુકાને નુકસાન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો તેમજ ગુરૂદત્તાત્રેય શિખર ઉપર ફરજમાં રહેલ એસઆરપી જવાનની ફરજમાં રૂકાવટ કરવાની કોશિષ કરવામાં આવી તેમજ હિન્દી ભાષામાં જોરથી સુત્રોચા કર્યો ગિરનાર હમારા હૈ હમ હી રહેગે. ત્યારે ગિરનાર ઉપર દત્ત શિખર ઉપર મહારાષ્ટ્રથી આવેલા દિગંબર જૈન સંઘના લોકો દ્વારા ભગવાન દત્તાત્રેયની મૂર્તિ અને ચરણપાદુકાને ખંડિત કરવાનો પ્રયાસ કર્યો હતો. જે મામલે પોલીસ દ્વારા એફઆઈઆર કરવામાં ના આવતા આ મુદે આજે શરદપુનમની સાંજે ભવનાથ તળેટીમાં વિરાટ સનાતન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે દરમ્યાન સંમેલન મળે તેના કલાકો પુર્વે ગઈકાલે મોડી સાંજે ભવનાથ પોલીસ સ્ટેશનમાં દત્ત શિખર ઉપર હુમલો મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ડીવાયએસપી હિતેષ ધાંધલીયાએ કહ્યું કે, ગિરનાર ચેરીટેબલ ટ્રસ્ટના કૈલાશભાઈ પુરોહિતની ફરિયાદ અને વિડીયોના આધારે મહારાષ્ટ્રના સુધીર સોહનલાલ બજ સહિત સાત વ્યકિત સામે આઈપીસી કલમ ૨૯૫, ૨૯૫(ક), ૨૯૮, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલું છે. આરોપીમાં બે મહિલાનો પણ સમાવેશ થાય છે.

# ભવનાથમાં ભારતી આશ્રમ ખાતે આજે યોજાનારા વિરાટ સનાતની સંમેલનમાં જવાબદારોની ધરપકડની માંગ કરવામાં આવશે




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ નજીક ગિરનાર પર્વત ઉપર આવેલા દત્તાત્રેય શિખર ઉપર દત્તાત્રેય મંદિરમાં થયેલા હિચકારા કૃત્યને કારણે સનાતની સમાજ તેમજ સંતો તેમજ ગુરૂ દત્તાત્રેય ભગવાનના સેવકગણમાં તીવ્ર આક્રોશ ફેલાયો છે અને જવાબદારો સામે કડક પગલા ભરવાની માંગણી સાથે આજે ભારતી આશ્રમ ખાતે એક સનાતની સંમેલન પણ યોજવામાં આવી રહેલ છે. તેમજ આરોપીઓની ધરપકડ કરવાની માંગણી કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

આ અંગે મળતી વિગત અનુસાર, ગિરનાર ઉપર દત્ત શિખર ઉપર ભગવાન દત્તાત્રેયની મૂર્તિ અને ચરણ પાદુકાને ખંડીત કરવાના બનાવ અંગે ગઈકાલે મોડી સાંજે પોલીસે મહારાષ્ટ્રના બે મહિલા સહિત સાત સામે ભવનાથ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ દત્ત શિખર ઉપર હુમલા મામલે આજે ભવનાથ તળેટીમાં આવેલા ભારતી આશ્રમ ખાતે સાંજના ૪ વાગ્યે સંતો-મહંતો, દત્ત ઉપાસકોનું વિશાળ સનાતની સંમેલન યોજવામાં આવી રહેલ છે અને આ સંમેલન પુર્વે ગિરનાર દરવાજાથી વિશાળ બાઈક રેલી નીકળશે અને જેમાં સનાતની સંસ્થાઓ સાથે દામોદર કુંડના તીર્થગોરો પણ જોડાશે તેમ જાણવા મળે છે. વધુમાં શ્રી ગુરૂ દત્તાત્રેય સંસ્થાન ગિરનાર તથા મહંત શ્રી મહેશગીરીબાપુએ જણાવ્યું હતું કે, આજે ભારતી આશ્રમ ખાતે સનાતની સંમેલન યોજવામાં આવી રહેલ છે અને આ કાર્યક્રમ જાહેર કર્યા મુજબ યથાવત જ રહ્યો છે. ઉપરાંત દત્ત શિખર ઉપર હુમલા મામલે પોલીસ દ્વારા ફરિયાદ નોંધાવાની જે કાર્યવાહી કરી છે તે અંગે પ્રશાસન તંત્ર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવામાં આવશે. ઉપરાંત અમારી જે માંગણી છે જેમ કે જવાબદારોની તાત્કાલીક અસરથી ધરપકડ કરવી તેમજ તેમના દ્વારા વિડીયો અને જાહેરમાં માફી માંગવામાં આવે અને તે લોકોને દત્ત શિખર ઉપર પ્રવેશબંધી કરવામાં આવે તેવી માંગણીઓ કરવામાં આવશે.

# જૂનાગઢ : ૧૦ પેટી ઈંગ્લીશ દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ સી ડીવીઝન પોલીસે ગઈકાલે લીરબાઈપરા વિસ્તારમાં રામચોક નજીક એક બંધ પડતર મકાને ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડતા ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ રોયલ ચેલેન્જ ફાઈન રીઝર્વ વિસ્કી ફોર સેલ ઈન પંજાબ ઓન્લી લખેલ ૭૫૦ એમએલની પેટી નંગ-૧૦ બોટલ નંગ-૧૨૦ રૂા.૬૨,૪૦૦નો મુદામાલ જપ્ત કરેલ છે. ત્યારે હાજર નહી મળી આવેલ બે શખ્સો સામે ગુનો દાખલ કરી સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# તા.૧ જાન્યુઆરી, ૨૦૨૪ની લાયકાત સંદર્ભે મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનો પ્રારંભ

**મહત્તમ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ**

## જૂનાગઢ જિલ્લામાં મતદાર યાદી સુધારણા માટે ખાસ ઝુંબેશ : નાગરિકો- મતદારો પોતાના નામની નોંધણી, કમી કે સુધારો કરવા માટે સંબંધિત ફોર્મ ભરી શકશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ જિલ્લાના તમામ મતદાન મથક ઉપર તા.૪-૧૧-૨૩, શનિવાર તા.૫-૧૧-૨૩, રવિવાર તા.૨-૧૨--૨૩, શનિવાર અને તા.૩-૧૨-૨૩, રવિવાર દરમ્યાન સવારે ૧૦ થી સાંજના ૦૫ કલાક સુધી ખાસ ઝુંબેશ રાખવામાં આવી છે. ઉપરાંત તા.૨૭-૧૦-૨૩ થી તા.૯-૧૨-૨૩ સુધી તમામ મતદાર નોંધણી અધિકારી તથા તમામ મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી ખાતે નાગરિકો-મતદારો પોતાના નામની નોંધણી, કમી કે સુધારો કરવા માટે સંબંધિત ફોર્મ ભરી શકશે. આ કાર્યક્રમનો હેતુ તા.૧-૧-૨૦૨૪ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારોના નામ મતદાર યાદીમાં દાખલ થાય તથા ડેટામાં રહેલ ભૂલો સુધારવી, મતદારોના કલર ફોટા મેળવવા, મતદાન યાદીમાં રહેલ ક્ષતિઓ સુધારવા, એકથી વધુ વખત નામ હોય તો તે દૂર કરવા, લાયક મતદારોના નામ મતદાર યાદીમાં નોંધાવવા રહી ગયેલ હોય તો તે દાખલ કરવા, સ્થળાંતર કરી ગયેલ મતદારોની ખરાઈ કરવી વગેરે છે. આ કાર્યક્રમ દરમ્યાન મતદાર પોતે જ મતદાર યાદીમાં **voter helpline application** અને **voters.eci.gov.in** દ્વારા મતદાર તરીકેની પોતાની તથા સંબંધીતોની નામ નોંધણી નામ કમી તથા ઓળખકાર્ડમાં સુધારો કરાવી શકશે.

જૂનાગઢ જિલ્લાના તમામ નાગરિકો-મતદારો માટે ભારતના ચૂંટણીપંચના મુજબ તા.૧-૧-૨૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ નું આયોજન કરવામાં આવ્યું છે.

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૮

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહિલાઓ, દિવ્યાંગો અને યુવાનો સહિત મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ માટે તા.૧લી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત તા.૨૭-૧૦-૨૦૨૩ ના રોજ સંકલિત મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ તા.૨૭-૧૦-૨૦૨૩ થી તા.૯-૧૨-૨૦૨૩ સુધી મતદાર યાદીમાં નોંધાયેલા નામ કે નવા નોંધાનાર નામની અરજી અંગે હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરી શકાશે. હાલ મુસદ્દા મતદાર યાદીમાં ૨,૫૧,૫૪,૯૦૦ પુરૂષ, ૨,૩૬,૦૩,૩૮૨ સ્ત્રી અને ૧,૪૨૭ ત્રીજી જાતિના મળી કુલ ૪,૮૭,૫૯,૭૦૯ મતદારો નોંધાયેલા છે. જે તમામનો ફોટો મતદારયાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે તથા તમામને **EPIC** (મતદાર ઓળખપત્ર) ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત પુનઃગઠન બાદ કુલ ૫૦,૬૭૭ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે.

રાજ્યભરમાં ખાસ સંક્ષિપ્ત સુધારણાના સમયગાળા દરમ્યાન આગામી તા.૫-૧૧-૨૦૨૩ને ખાસ ઝૂંબેશ દિવસ તરીકે નિયત કરવામાં આવ્યો છે. આ દિવસે બૂથ લેવલ ઓફિસર્સ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ વાગ્યા દરમિયાન સંબંધિત બૂથ ઉપર હાજર રહેશે અને નાગરિકોને રૂબરૂ જોવા માટે મતદારયાદી ઉપલબ્ધ કરાવશે. મતદારો તેમના વિસ્તારની મતદાર નોંધણી અધિકારીની કચેરી, કલેકટર કચેરીના સ્થળો અને ખાસ ઝુંબેશની તારીખે મતદાન મથકોએ સબંધિત ભાગની મતદારયાદીનો મુસદ્દો જોઈ શકશે.

મતદારોને વિનંતી છે કે પોતાનું તેમજ પરિવારજનોનું નામ મતદારયાદીમાં ચકાસી લે અને જરૂર જણાયે મુસદ્દા મતદારયાદીમાં નામ ઉમેરવા, કમી કરવા કે સુધારો કરવા અરજી ફોર્મ મેળવી અને ભરેલું ફોર્મ રજૂ કરી શકશે. રાજકીય પક્ષો દ્વારા નિમવામાં આવેલા બુથ લેવલ એજન્ટ(**BLA**)ના સહકારથી મતદારયાદીના મુસદ્દાની ચકાસણી કરી ક્ષતિ પણ શોધવામાં આવશે. તા.૨૬ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં આ અરજીઓના નિકાલ કરવામાં આવશે. આ ઉપરાંત મતદાર નોંધણી અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી અને બુથ લેવલ ઓફિસર પાસે પણ હક્ક-દાવાના ફોર્મ જમા કરાવી શકાશે. વધુમાં, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચના **Voter Helpline App** અને **VSP** ઉપર ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન મળેલી હક્ક-દાવાઓની અરજીઓનો નિકાલ કરી તા.૫-૧-૨૦૨૪ના રોજ મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે. આ મતદારયાદી મતદાર નોંધણી અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી ખાતે, **Image PDF** ફોર્મેટમાં મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાતની વેબસાઈટ **https://ceo.gujarat.gov.in** ઉપર તથા જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી ખાતે જિલ્લાના તમામ વિધાનસભા મતવિભાગોની મતદાર યાદી જોવા મળી શકશે.

# એપલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં યોજાયો અવર્નેશ જનરેશન પ્રોગ્રામસ ઓન સસ્ટેનેબલ એનર્જી ૨૦૨૩-૨૪નો કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી(**GEDA**)નાં સહયોગથી તેમજ કલાઈમેન્ટ ચેન્જ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર અને એમ.ડી. મહેતા ડ્રિસ્ટ્રિક સાયન્સ સેન્ટર, ધ્રોલ દ્વારા એપલ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨નાં વિદ્યાર્થીઓ માટે એક સુંદર મજાના "અવર્નેશ જનરેશન પ્રોગ્રામ ઓન સસ્ટેનેબલ એનર્જી" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતરગત વિવિધ પ્રવૃતિઓ દ્વારા જેવી કે ઊર્જાની બચત ઊર્જા મોડેલ નિદર્શન, ઊર્જા ક્વિઝ દ્વારા એમ.ડી. મહેતા ડીસ્ટ્રિક સાયન્સ સેન્ટર ધ્રોલથી પધારેલ પંકજભાઈએ પોતાના વ્યાખ્યાન દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિજ્ઞાન વિશેની ઊર્જાને લગતી અવનવી માહિતીઓ સાથે વિદ્યાર્થીઓને આજના વિજ્ઞાન માટે અવગત કરાયા હતા અને ઊર્જાનાં બિનપરંપરાગત સ્ત્રોતોનાં જરૂરી મોડેલ બતાવી અવનવા



પ્રેક્ટિકલ સાથેની સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને ઊર્જાનો ઉપયોગ, ઊર્જાનું ઉત્પાદન અને ખાસ ઊર્જાની બચત કઈ રીતે કરી શકાય તેનાથી અવગત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાના વિજ્ઞાન શિક્ષક જતીન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે કાર્યક્રમને અંતે શાળાનાં આચાર્ય જીજ્ઞેશભાઈ ચાંગાણી દ્વારા પ્રાસંગીક માર્ગદર્શન આપી ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી અને એમ.ડી. મેહતા સાયન્સ સેન્ટર ધ્રોલથી પધારેલ પંકજભાઈ અને તેમની ટીમનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# આવતીકાલે જૂનાગઢમાં ઉમ્મીદ ક્રેડિટ સોસાયટીની સ્થાપના કરાશે

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરમાં બચત તથા રોકાણ કરવા અને વ્યાજ વગરની નાણાંકીય લેવડ-દેવડ માટે નફાકારક અને વિકાસ ઉત્તેજક માઈક્રો સેવિંગ યુનિટ આકાર લઈરહ્યું છે. આ એકમ ગરીબ વર્ગ, મધ્યમ વર્ગ અને શ્રીમંત વર્ગ માટે બચતના હેતુને પાર પાડવાનું લક્ષ્યાંક ધરાવે છે. આવતીકાલે ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષના બીજા માળે આવેલો હોલમાં ઉમ્મીદ ક્રેડીટ સોસાયટીની સ્થાપના સાથે ઉદઘાટન કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાન પદે સહુલત માઈક્રો ફાઈનાન્સ સોસાયટી ન્યુ દિલ્હીના સીઈઓ ઉસામાં ખાન તેમજ અલબરકા ક્રેડીટ એન્ડ કન્ઝયુમર કો ઓપરેટીવ સોસાયટી લિમિટેડ અમદાવાદના પ્રેસિડેન્ટ વસિફ હુસેન, રિફાહ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ગુજરાતના પ્રસિડેન્ટ અને સીએ સૈયુમખાન, જૂનાગઢ શહેરના વિવિધ ક્ષેત્રના આગેવાનો અને વેપારી વર્ગ ઉપસ્થિત રહેશે. જેમાં જુમ્મા મસ્જીદના ખતીબ અલી મોહંમદ પાલેજા, મુફતી અબ્દુલ મતીન મઝાહેરી, ઈકબાલભાઈ મારફતીયા, ડો. ઈલ્યાસ વાજા, અકીલ પારેખ વિગેરે ખાસ ઉપસ્થિત રહેશે. ક્રિસ્ટલ કોમ્પલેક્ષના હોલમાં રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે કાર્યક્રમ શરૂ થશે.

# જૂનાગઢમાં જવેલર્સની દુકાનમાંથી ૧.૩૨ લાખનું સોનું લઈને બંગાળી કારીગર ફરાર : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરમાં પોસ્ટ ઓફિસ રોડ ઉપર આવેલ પ્રખ્યાત જવેલર્સની પેઢીમાં કામ કરતો પશ્ચિમ બંગાળનો એક કારીગર સોનાના દાગીના બનાવવા આપેલ ૨૧.૨૦૦ ગ્રામ(૧.૩૨ લાખનું) સોનું પોતાના આઈ.ડી.માં છુપાવીને ભાગી જતા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. જૂનાગઢમાં પોસ્ટ ઓફિસ રોડ ઉપર ભીંડી જવેલર્સ નામે સોનાના દાગીના હોલેસેલ અને રીટેલ વેંચાણ અને બનાવી આપનાર પેઢીમાં ચોરી થયાનું સામે આવ્યું છે. પેઢીના માલિક ધવલભાઈ જીતેન્દ્રભાઈ ભીંડીએ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદમાં કહ્યું છે કે, તેમની પેઢીમાં આશરે ૧૨૫ જેટલા માણસો કામ કરે છે અને જેમાં મોટા ભાગના પશ્ચિ બંગાળના કારીગરો છે. જે કારીગરોને સોનાના દાગીના બનાવવા સોનું આપવામાં આવે છે. તેમાં પશ્ચિમ બંગાળનો કારીગર લખન અનિલ સરકારને ૪ મહિનાથી કામે રાખવામાં આવ્યો હતો. તેને ગઈકાલે સવારે પેઢીના સુપરવાઈઝર દ્વારા સોનાના દાગીના બનાવવા ૧,૩૨,૫૦૦ની કિંમતનું ૨૧.૨૦૦ ગ્રામ સોનું આપ્યું હતું તે સવારે કામે આવ્યો અને બપોરે જમવા ગયેલો ત્યાર બાદ જમીને પરત ના આવતા તેને ફોન કર્યો પરંતુ તેણે ફોન ના ઉપાડતા તેમના ઉપર શંકા ગયેલ અને જમવા ગયેલ તે સમયમાં સીસીટીવી ફુટેજ ચેક કરતા તેમાં એવું દેખાયું કે, લખનને આપવામાં આવેલું સોનું તેણે પોતાના આઈ.ડી. કાર્ડની પાછળ છુપાવી રહ્યો હતો.જેને લઈને આ અંગે એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવતા પોલીસ દ્વારા સીસીટીવીના આધારે લખનનો ફોટો મેળવીને તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બિલખામાં પીજીવીસીએલ હેઠળ આવતા રાવત સાગર ફીડરમાં ખેતીમાં દિવસે વિજળી આપવા રજુઆત

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બીલખા તા.૨૮

બીલખા પીજીવીસીએલ હેઠળ આવતા રાવત સાગર ફીડરના ખેડૂતોને રાતના અને દિવસે વિજ પુરવઠો આપવામાં આવતો હોય ખેડૂતોને મુશ્કેલી પડી રહી છે. હાલમાં શિયાળાની ચાલુ થતી હોય અને રાવત સાગર ફીડરના સીમ વિસ્તારમાં જંગલી જાનવરોની રંજાર હોય, ખેડૂતોએ દિવસે વિજ પુરવઠો આપવા રજુઆત કરેલ છે.

**ઉપરથી મંજુરી મળ્યે ખેડૂતોના પ્રશ્નને હલ કરવાની ખાત્રી**

આ અંગે પીજીવીસીએલનો સૌરાષ્ટ્ર ભુમિએ સંપર્ક સાધતા જુનિયર એન્જીનીયર વાઘમસીએ જણાવેલ છે કે, બીલખા પીજીવીસીએલ હેઠળ આવતા ૪ થી ૫ ફિડરોમાં ખેડૂતોની ફરીયાદ આવેલ છે અને ટાઈમ ફેરફાર માટે બીલખા પીજીવીસીએલ દ્વારા ઉપર ખેડૂતોની રજુઆત મોકલી આપવામાં આવેલ છે. ઉપરથી મંજુરી મળ્યે ખેડૂતોના પ્રશ્નને હલ કરવાની ખાત્રી આપી છે.

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેક્ટીકલ
● સરળ ભાષામાં શિખરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુઓનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com